બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠિ પરિવારનું દર મહિને પ્રગટ થતું માસિક મુખપત્ર



# નવકારનો રણકાર



પ્રેરણા અને માર્ગદર્શન : નવકાર મંત્રના પરમ સાધક પૂ. શ્રી જયંતભાઈ 'રાહી'
આદ્ય તંત્રી : સ્વ. મુંજાલ બાબુભાઈ શાહ
તંત્રી : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'
માનાર્હ સંપાદકો : સોમચંદ વેલજી લોડાયા (આરિખાણા - મુલુન્ડ) ••• વાસંતી રમેશ સોની (વડાલા - ચિંચપોકલી)

વિ.સં. ૨૦૬૯ ••• શ્રાવણ ••• વર્ષ-૧૦ ••• અંક-૩ ••• સળંગ અંક-૧૧૧ ••• નિઃશૂલ્ક વિતરણ



## નવકારના અજવાળે

પૂ. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ સાહેબ



વિશ્વપ્રાણ શ્રી નવકારના 'ન' અક્ષરની નમસ્કારમુદ્રા તેના સાધકને સ્વાર્થના પરિત્યાગનું અને પરમાર્થના સેવનનું સતત સ્મરણ કરાવે છે.

માત્ર પોતાના સ્વાર્થનો વિચાર કરવાને ટેવાઇ ગયેલા મનને શ્રી નવકાર-સર્વહિતચિંતાની દિશામાં એ રીતે વાળે છે જે રીતે ઘંટનો અવાજ શાણા વિદ્યાર્થીઓને શાળાની દિશામાં વાળે છે.

સર્વજીવહિતચિંતાની ભૂમિકા શ્રીઅરિહંત પરમાત્માના સર્વોચ્ચ ભાવના સ્પર્શે ઘડાય છે. તે ભૂમિકાનું ઘડતર થતું જાય છે તેમ તે સાધકના આંતર્-બાહ્ય જીવનમાં તેનાં અનેક લક્ષણો છતાં થાય છે.

શ્રી નવકાર સાથેના આંતરિક જોડાણ પછી પાપના પંકમાં પગ મૂકતાં સાધકના શરીરે શીત વળી જાય છે તેમ જ ક્યારેક તે બેહોશ જેવો પણ બની જાય છે.

શ્રી નવકારના પ્રથમાક્ષર 'ન'ની સાચી ઓળખ પછી જ આખા શ્રી નવકારને ઓળખવાની પાત્રતા પ્રગટે છે.

શ્રી નવકારની ઓળખ પછી જીવ, જીવને જીવરૂપે ઓળખી શકે છે. જીવના હિતની ચિંતામાં પોતાનું હિત જોઇ શકે છે.

નવકારના 'ન'માં બરાબર ગોઠવાઇ શકનારો સાધક સામાયિકયોગની સાધનામાં ઝડપથી એકાકાર બની શકે છે.





### આ અંકના પ્રમુખ શુભ દાતા

મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વર્તમાન અરિહંત પરમાત્મા શ્રી સીમંધરસ્વામીના મહિમાશીલ,
મહાપ્રભાવક જિનમંદિરના દર્શનાર્થે... પધારો... પધારો... પધારો...

**શ્રી ચૈત્ય સીમંધરસ્વામી જિનપ્રાસાદ**

ચૈત્ય ટાવર, શિવદાસ ચાંપશી રોડ, મઝગાંવ, મુંબઇ-૪૦૦ ૦૧૦. ફોનઃ ૨૩૭૧૨૨૨૧

• પુણ્યયોગે નિમિત્ત પ્રકારે સ્વદ્રવ્યથી જિનાલયના નિર્માણ કર્તા •
શ્રીમતી ઝવેરબેન દલપતરાજ પુખરાજજી જૈન સમસ્ત મલ્લેશા પરિવાર
(ખીવાન્દી-રાજસ્થાન-દાદર)

સૌજન્ય : ચૈત્ય ફાઉન્ડેશન-મઝગાંવ, મુંબઇ-૪૦૦ ૦૧૦.
સંપર્ક સૂત્ર : મહેન્દ્ર જૈન મો. ૯૮૨૦૫૮૫૪૫૧ ✧ ચંદ્રેશ જૈન મો. ૯૮૧૯૫૬૬૪૪૧



# મંત્ર ચૈતન્ય પ્રગટાવીએ

**અનામી**

આપણે શ્રી નમસ્કાર મહામંત્ર ગણીએ છીએ પણ ઘણીવાર નવકારનો પોપટપાઠ થાય છે એમ નથી લાગતું? નવકાર ગણતાં-મંત્રચૈતન્ય પ્રગટવું જોઈએ તે પ્રગટે છે? મંત્રચૈતન્ય ક્યારે પ્રગટ્યું ગણાય? ગણતાં એવો વિશ્વાસ જાગે કે **'પરમ-પવિત્ર પંચ પરમેષ્ઠીના નમસ્કારથી મારા સર્વ પાપોનો નાશ થઈ રહ્યો છે.'** જાગે છે આવો વિશ્વાસ? ક્યારેય પણ આવું મંત્રચૈતન્ય પ્રગટ્યું?

આપણને કોઈ કહે, 'તમે પ્રભાવશાળી છો' તો મોઢું વિકસ્વર થઈ જાય છે ને? 'તમે મૂર્ખા છો' કહે તો ગુસ્સો આવે છે ખરું ને? એને શબ્દચૈતન્ય કહેવાય. **શબ્દોને-અનુસાર ચેતના પ્રગટી, ચમકારો થયો. તેમ નવકારમંત્ર ગણતાં શરીર રોમાંચિત, મુખ પ્રફુલ્લિત અને હૃદય વિકસ્વર થવું જોઈએ, તો જ મંત્રચૈતન્ય પ્રગટ થયું ગણાય.**

નવકાર ગણતાં પરમેષ્ઠી ભગવંતોનું અદ્‌ભુત, અનુપમ અને લોકોત્તર સ્વરૂપ નિહાળવાનો પ્રયત્ન કરો, એ જોતાં જોતાં શરીરનો રોમાંચ, મુખની પ્રફુલ્લતા કે હૈયાની વિકસ્વરતા સહજ બની જશે.

આ રીતે મંત્રચૈતન્ય પ્રગટાવીશું તો આપણે શ્રીનવકારમંત્રથી પૂરેપૂરો લાભ મેળવી શકીશું.

## મહામંત્રના આરાધકોને વિજ્ઞપ્તિ

(૧) **અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય** અને **પરિગ્રહ**ના પરિમાણરૂપ **પંચશીલ**નું તે મન-વચન-કાયાથી પાલન કરે, કરાવે તેમ જ કરનારની અનુમોદના કરે.

(૨) રાત્રે ભોજન ન કરવાનો નિયમ લે. સૂર્યાસ્ત પૂર્વે ભોજનનો ત્યાગ કરવાથી **દ્રવ્ય** અને **ભાવ** ઉભય પ્રકારનું **આરોગ્ય** સારું રહે છે તેમ જ જડતા ઘટે છે.

(૩) આરાધકને માંસ, મદિરા, કન્દમૂળ, અથાણાં તેમ જ બહુબીજવાળી વનસ્પતિ વગેરે **જીવનભર ન વાપરવાનો નિયમ** હોવો જ જોઈએ. ઉક્ત અભક્ષ્ય પદાર્થોના સેવનથી બુદ્ધિની સાત્ત્વિકતા ઘટે છે અને વિકૃતિ વેગપૂર્વક વધતી રહે છે.

(૪) જ્ઞાનતંતુઓ પર પ્રતિકૂળ અસર કરનારા ચાહ, કોફી, કોકો વગેરે માદક પીણાઓનો ત્યાગ-**આરાધનામાં સ્થિર બનવા માટે** અનિવાર્ય છે.

(૫) આરાધકે તળેલી ચીજો, ક્ષારવાળી વસ્તુઓ તેમ જ મેંદાની વાનગીઓના **ત્યાગનો નિયમ લેવો જોઈએ.** કારણ કે આ વસ્તુઓ વાપરવાથી આરાધના માટે અનિવાર્ય આંતરિક સ્થિરતા ઘટે છે અને મન તેમજ ઇન્દ્રિયોનો બહિર્ભાવ વધે છે.

(૬) આરાધકે **ઉણોદરી વ્રત**નું પાલન કરવું જોઈએ. ઉણોદરી વ્રત એટલે ભૂખ હોય તેના કરતાં પાંચ-સાત કોળિયા ઓછા લેવા તે. ઉણોદરી વ્રતની સાથોસાથ **એક સાથે બહુ વસ્તુઓ નહિ વાપરવાનો પણ નિયમ** ખાસ જરૂરી છે.

(૭) ભોજન સમયે ચિત્ત સહેજ પણ **ઉદ્વિગ્ન** રહે છે તો તેની **પાચનક્રિયા** ઉપર માઠી અસર થાય છે એટલે **ચિત્તની પ્રસન્નતા**ને જીવનની પ્રત્યેક ક્રિયાની જેમ ભોજન સાથે પણ ગાઢ સંબંધ છે **એનું ખાસ લક્ષ્ય આરાધકને રહેવું જોઈએ.**

(૮) તીખા તમતમતા તેમ જ તળેલા અને બળેલા ખોરાક વાપરવાથી **સંયમ** અને **સ્વાધ્યાય**માં અસ્થિરતા આવે છે, પ્રાણોની શક્તિ વિકૃત બનતી જાય છે, ધર્મમાર્ગ સાથેનું મનનું જોડાણ ઢીલું પડતું જાય છે અથવા કહો કે તે ઉન્માર્ગગામી બનતું જાય છે **એટલે આવા પદાર્થો નહિ વાપરવાનો નિયમ આરાધક માટે આવશ્યક ગણાય.**

(૯) **શિવપદની આરાધનાના મૂળબીજરૂપ શ્રી નવકારના આરાધક આત્માઓને સ્વ-પરહિતકાર આ નિયમો જરૂર આવકાર્ય જણાશે એવી અમને શ્રદ્ધા છે.**

□□□


卐 'નવકારનો રણકાર' ના સંપર્ક કાર્યાલયો 卐

**શ્રી ચીમનલાલ કલાધર**
301, શ્રેશ હાઉસ, ત્રીજે માળે, 75, સેકન્ડ લેન, હિન્દુ કોલોની,
દાદર (પૂર્વ), મુંબઈ-400014. મોબાઈલ : 9819646533

**શ્રી સોમચંદ વેલજી લોડાયા** (MA OM)
એ/104, સાંઈ ક્લાસીક, મહાત્મા ફુલે રોડ, મુલુન્ડ (પૂર્વ), મુંબઈ-81.
ફોન : (022) 2163 6399, મોબાઈલ : 9322275440
Email ID : somchand@maom.net

શુભેચ્છક
શ્રી ઋષભદેવ જૈન ટેમ્પલ એન્ડ સાધારણ ખાતા ટ્રસ્ટ
અને શ્રી ચેમ્બુર જૈન સંઘ - ચેમ્બુર તીર્થ

## તેની સ્યાનેથી...



# અબ હમ અમર ભયે ન મરેંગે !

**અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી** જૈન શાસનનો ઉદ્યોત કરનારા એક મહાન સંત હતા. સત્તરમા સૈકામાં થયેલા આ સમર્થ જ્યોતિર્ધરે **ઉત્કૃષ્ટ અધ્યાત્મ પદો** રચ્યા છે. તીર્થંકર પરમાત્માની ભક્તિ અર્થે **અદ્‌ભૂત સ્તવન ચોવીશી**ની પણ રચના કરી છે. તેમની પદ્યકૃતિઓમાં **ભક્તિ, ભાવ, માધુર્ય** અને **આત્માનુભૂતિ** જોવા મળે છે અને એથી જ તેમના **પદો** અને **સ્તવનો** ગાતા ગાતા અનેક લોકો ભાવવિભોર બની જાય છે. તેમની રચનાઓમાં માત્ર **વૈખેરી વાણી**નો પ્રવાહ નથી પણ તેમાં **પશ્યન્તી વાણી**નું તેજ પણ છે. અને તેમના પ્રત્યેક શબ્દોમાં **પરાવાણી**નો મહાનાદ પણ સંભળાય છે. એક સાચા યોગીને છાજતી તેમની **નિર્ભયતા, નિર્લેપતા** અને **નિખાલસતા** અનેકોને પ્રેરણા આપે તેવી વિરલ છે. આત્માને આનંદનો ઘન કહેનારા આ મહાન યોગીશ્વરના એક ભાવવાહી પદનું વિવેચન સુજ્ઞ વાચકો અર્થે અહીં પ્રસ્તુત કરતાં અત્યંત આનંદ અનુભવું છું. નવકારના સાધકોને માટે તો આ પદનું વારંવાર રટણ-મનન-ચિંતન કરવા જેવું છે.

**(રાગ : સારંગ અથવા આશાવરી)**

**અબ હમ અમર ભયે ન મરેંગે.... અબ.**
**યા કારણ મિથ્યાત દીયો તજ, કયું કર દેહ ધરેંગે?**
**અબ હમ અમર ભયે ન મરેંગે... (૧)**

**રાગદોસ જગ બંધ કરત હૈ, ઈનકો નાસ કરેંગે;**
**મર્યો અનંત કાલ તે પ્રાણી, સો હમ કાલ હરેંગે;**
**અબ હમ અમર ભયે ન મરેંગે... (૨)**

**દેહ વિનાશી તું અવિનાશી, અપની ગતિ પકરેંગે;**
**નાસી જાસી હમ થીરવાસી, ચોખે વ્હૈ નિખરેંગે;**
**અબ હમ અમર ભયે ન મરેંગે... (૩)**

**મર્યો અનંતવાર બિન સમજ્યો, અબ સુખદુઃખ વિસરેંગે;**
**આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહિ સમરે સો મરેંગે;**
**અબ હમ અમર ભયે ન મરેંગે... (૪)**

હવે અમે અમર થયા છીએ, તેથી મરશું નહિ, કારણ કે મરણના કારણરૂપ મિથ્યાત્વને અમે તજી દીધું છે. હવે અમે કેવી રીતે દેહને ધારણ કરીશું? (૧)

રાગ અને દ્વેષ જગતને બંધન કરનાર છે. તેનો અમે નાશ કરીશું. આ પ્રાણી અનંતકાળથી મરતો આવ્યો છે, તે કાળને અમે મટાડી દઇશું. (૨)

હે આત્મા! આ શરીર નાશવંત છે, પણ તું પોતે અવિનાશી છે. તું પોતાની ગતિ-પોતાનું સ્વરૂપ પકડી લઇશ ત્યારે તે નાશવંત વસ્તુ નાસી જશે. ત્યારે હું-આત્મા સ્થિરવાસ કરનારો થઇશ. આત્માને નિર્મળ થઇને જોઇશ. (૩)

આ ચેતન સમજણ વગર અનંતી વખત મરણ પામ્યો, હવે સુખ અને દુઃખને ભૂલી જશે. હે આનંદના સમૂહ ભગવાન! નિશ્ચે બે અક્ષરો (શિવ) જે પોતાની અત્યંત નજીક રહેલા છે તેને - શિવને નહિ સંભારે તે મરશે. (૪)

**- ચીમનલાલ કલાધર**

**પૂજ્યશ્રી જયંતભાઇ 'રાહી'ના સૂર અને શબ્દના સથવારે**
**શ્રાવણ મહિનાના નવકાર મંત્ર જાપ અનુષ્ઠાન**

**ચેમ્બુર તીર્થ મધ્યે**
શ્રાવણ સુદ-૧ને બુધવાર, તા. ૭-૮-૨૦૧૩

**ઘાટકોપર મધ્યે**
શ્રાવણ સુદ-૪ને રવિવાર, તા. ૧૧-૮-૨૦૧૩

**મુલુન્ડ મધ્યે**
શ્રાવણ સુદ-૧૫ને બુધવાર, તા. ૨૧-૮-૨૦૧૩

**શ્રી નમિનાથ જિનાલય-પાયધુની મધ્યે**
શ્રાવણ વદ-૧૧ને રવિવાર, તા. ૧-૯-૨૦૧૩

**શુભેચ્છક**
શ્રી ધણીબાવાના ભાવિકો વતી પૂ. માતુશ્રી રતનબાઇ લાલજી લધા સોની પરિવાર
(કચ્છ વડાલા-ચિંચપોકલી) હ. રમેશભાઇ સોની - ફોન : ૨૩૭૫૩૩૧૧.
શ્રીમતી સવિતાબેન રમણીકલાલ મોરારજી સાવલા પરિવાર (કચ્છ તુંબડી-ઘાટકોપર) હ. મુકેશભાઇ - ફોન : ૨૩૭૨૩૮૩૫.



# નવકારના નિષ્ઠાપૂર્વકના જાપથી ચિત્તની એકાગ્રતા સધાય છે

**પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ**

શ્રી નવકાર એ **યોગ** અને **અધ્યાત્મ** બંનેથી ભરેલો છે. **'નમો'** પદ યોગનું બીજ છે. **'અરિહંતાણં'** આદિ પરમેષ્ઠીવાચક પદો અધ્યાત્મનાં બીજ છે. યોગ ચિત્તસ્થૈર્યરૂપ છે. અધ્યાત્મ ચિત્તવિશુદ્ધિરૂપ છે. શ્રી નવકારના એક નિષ્ઠાપૂર્વકના જાપથી **ચિત્તની વિશુદ્ધિ** પણ થાય છે અને **ચિત્તની એકાગ્રતા** પણ સધાય છે.

પંચ પરમેષ્ઠીમાં સ્વ-આત્મા અને સ્વ આત્મામાં પંચ પરમેષ્ઠી દેખાય ત્યારે શ્રી નવકાર સિદ્ધ થયો સમજવો. એ જ રીતે સર્વ જીવોમાં પોતાનો આત્મા અને પોતાના આત્મામાં સર્વ જીવો દેખાય ત્યારે સામાયિકનો અભ્યાસ સિદ્ધ થયો માનવો.

શ્રુતધર્મનો સાર શ્રી નવપદમાં આત્મા અને આત્મામાં શ્રી નવપદ જાણવા તે છે. ચારિત્રધર્મનો સાર સર્વ જીવોમાં પોતાનો આત્મા અને પોતાના આત્મામાં સર્વ જીવોને જોવા તે છે. બંને પરસ્પર પૂરક એટલા માટે છે કે નવપદ સામાયિકમય છે અને સામાયિક અંતે નવપદમય છે. એ રીતે પરસ્પરનો અંતર્ભાવ કરી જાણે તે જ્ઞાની, ગીતાર્થ અને શાસ્ત્રજ્ઞ છે. અને તેણે જ રત્નત્રયીનો સાર મેળવ્યો છે. રત્નત્રયીનું ફળ પ્રાપ્ત કર્યું છે.

ધર્મ કરનારનું ધ્યેય, પોતાના એકલાનું શ્રેય સાધવાનું હોય ત્યાં સુધી તે ધર્મમાં પ્રાણ આવતો નથી. જ્યારે સર્વના સુખનું, સર્વના મોક્ષનું ધ્યેય તેમાં ભળે છે, ત્યારે તે ધર્મ પ્રાણવાન બને છે. એ ધ્યેય મિથ્યા નથી કેમ કે એવા ધ્યેયવાળા મહાસંતોના પ્રભાવે જ પોતે ધર્મ પામ્યો છે. બીજાઓની સદ્‌ભાવનાઓથી આપણે આટલા ઊંચે આવ્યા છીએ. હવે ત્યાંથી ન પડવા માટે અને આથી વધુ ઊંચે ચઢવા માટે બીજા બધાના સુખનું ધ્યેય એ ફરજરૂપે થઇ પડે છે, જો એ ધ્યેય રાખવામાં ન આવે તો, કર્તવ્યથી ચૂકાય છે, બીજાઓ વડે થયેલા ઉપકારોનું વિસ્મરણ થાય છે, કૃતજ્ઞતાહીન સ્થિતિ આવે છે. તેનાથી બચવા માટે સદ્ધર્મની સામગ્રી પામેલા પ્રત્યેક આત્માનું બીજા સર્વના કલ્યાણને ચાહવાનું, સર્વને સદ્‌ભાવ આપવાનું કર્તવ્ય થઇ પડે છે.

કુટુંબનો નાયક કુટુંબ માટે, દેશનો નાયક દેશ માટે, તેમ ધર્મનો કરનાર સર્વ જીવો માટે ઝઝૂમે છે. અર્થાત્ સર્વના હિતની લાગણી સહિત ધર્માનુષ્ઠાન કરે છે. એથી પોતાને અવશ્ય ફાયદો થાય છે, સાથે બીજાઓને પણ લાભ થતો રહે છે. કેમ કે તે વડે સદ્‌ભાવની પવિત્ર લાગણી ફેલાય છે તથા બીજાઓને પણ પરાર્થપરાયણતાનો આદર્શ મળે છે.

નવકારની આરાધના કરનાર યોગ્ય આત્માઓને પરમાર્થ પરાયણતામાં આગળ વધવાનું અને સ્વાર્થપરાયણતામાં પાછા હઠવાનું અપૂર્વ બળ મળવાની સાથે તેમની નવકારની સાધનામાં પ્રાણ પૂરાવાનો સંભવ છે. શ્રી નવકારની તાત્ત્વિક અને સાત્ત્વિક આરાધનામાં ભવ્ય જીવોનો વેગ વધો એ જ શુભાભિલાષા. □□□

## શ્રી નમિનાથજી તીર્થે નવકાર જાપ સાથે શ્રી ગજલક્ષ્મીજીના પૂજનનો મહાલાભ

પાયધુની મધ્યે શ્રી નમિનાથ જિનાલયે રવિવાર, તા. ૨૯-૦૯-૨૦૧૩ અને રવિવાર, તા. ૨૭-૧૦-૨૦૧૩ના નવકારોપાસક **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ સવારના સાત વાગ્યે છે. આ બંને દિવસે જાપના સમયે જ પુષ્ય નક્ષત્ર આવે છે. તેથી **પૂ. શ્રી 'રાહી' સાહેબ** નવકાર જાપની સાથે **શ્રી ગજલક્ષ્મી માતાનું પૂજન** પણ કરાવશે. આરાધકોએ ચાંદીનો લક્ષ્મીજીનો સિક્કો, વાસક્ષેપ અને થાળી લઇને આ જાપમાં પધારવું. અને મહાન એવા આ શ્રી ગજલક્ષ્મી માતાના પૂજનનો લાભ લેવો.

**માનદ્ મંત્રીઓ, બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર**

શુભેચ્છક
શ્રીમતી નયનાબેન હરેશ વસનજી દેઢિયા [કચ્છ તલવાણા-ગોરેગાંવ]
પ્રેરણા : શ્રી હર્ષ દેઢિયા (ઘાટકોપર)



# મંત્રાધિરાજની ઉપાસના

## પૂ. આચાર્યદેવશ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ

નમસ્કાર મહામંત્ર એ સર્વોપરીમંત્ર છે. જગતભરમાં આ મંત્રથી અધિક પ્રભાવશાળી કોઇ મંત્ર નથી. આ મંત્રની સમ્યગ્ ઉપાસનાથી ઇષ્ટ ફળની અવશ્ય સિદ્ધિ થાય છે, એવી સચોટ શ્રદ્ધાપૂર્વક પંચ પરમેષ્ઠીઓ પ્રત્યે આત્મસમર્પણ કરી શ્રી નમસ્કાર મહામંત્ર જપનારમાં આકર્ષક વ્યક્તિત્વ, આંખોમાં તેજ, વાણીમાં બળ અને ચહેરા પર વિલક્ષણ કાંતિ ઝગમગતી દેખાય છે.

સાધક ધીર અને ગંભીર હોઇને આમજનતા ઉપર તેનો સારો પ્રભાવ પડે છે. સંપર્કમાં આવતા લોકો તેનાથી પ્રભાવિત થાય છે, એ તેની આજ્ઞાને આધીન રહીને વર્તે છે અને સન્માર્ગમાં પ્રગતિશીલ બને છે.

સાધકને પોતાના અંતરમાં મંત્ર-ચૈતન્યની હાજરી હોય તેવો અનુભવ થાય છે અને કોઇ પ્રકારની અલૌકિક આધ્યાત્મિક શક્તિનો પ્રાદુર્ભાવ થયાનો આંતરિક અનુભવ થાય છે. પાપકાર્યો તરફ તેને તિરસ્કાર છૂટે છે, સત્કાર્ય તરફ આકર્ષણ જામે છે. કોઇ અઘટિત કાર્ય પોતાને હાથે થઇ જાય તો ભારે ખેદ અને પશ્ચાત્તાપ થાય છે. દુ:ખમાં દીનતા કે સુખમાં છકેલપણું યા આફતમાં અધીરતા વગેરે નબળાઇઓ સાધકમાંથી નાબૂદ થાય છે. એક વિશિષ્ટ પ્રકારની કુણાશ, કોમળતા, દયાર્દ્રતા તેના હૃદયમાં પ્રગટે છે. ભવિષ્યમાં થનારા બનાવોની પહેલેથી જ મનમાં આગાહી-ભાસ થાય છે. સામા માણસનો ચહેરો જોઇને જ તેના ગુણદોષ જાણી જાય છે. પોતાની સૂક્ષ્મદૃષ્ટિથી, મંત્રપૂત બુદ્ધિથી બીજાનાં ગુણદોષો, વિચારો, આચરણો પારદ્રષ્ટાની માફક તે જાણી શકે છે. પોતાના પવિત્ર વિચારોનો બીજાના અંતઃકરણમાં સહેલાઇથી પ્રવેશ કરાવી શકે છે.

આ મહામંત્રનો સાધક જ્યાં રહે છે ત્યાં આસપાસનું વાતાવરણ ખૂબ શાંત અને સાત્ત્વિક બની જાય છે. તેના સંનિધાનમાં લોકોને પણ શાંતિ-સાત્ત્વિકતા અને પવિત્રતાનો રસ ચાખવા મળે છે. શરીરમાં સ્ફૂર્તિ તેમ જ સુગંધ, મનમાં ઉત્સાહ, સ્વભાવમાં ગંભીરતા વગેરે ચિન્હો સાચા સાધકમાં પ્રગટ્યા વિના રહેતા નથી.

**જપના પ્રકારો :**

કમલબંધ-હસ્તજાપ-માળાજાપ વગેરે જાપના પ્રકારો છે.

**કમલબંધ જાપ :** આ જાપને સર્વોત્તમ કહ્યો છે. આઠ પાંખડીઓવાળા કમળની (આલેખેલા અથવા હૃદયમાં કલ્પેલા) મધ્યમાં કર્ણિકાના સ્થાને **'નમો અરિહંતાણં'** એ પ્રથમ પદ ચાર મુખ્ય દિશાઓની ચાર પાંખડીઓમાં ક્રમશઃ નવકારમંત્રનું બીજું ત્રીજું-ચોથું અને પાંચમું પદ અને વિદિશાઓમાં બાકીના ચાર પદો સ્થાપી કમળબંધ જાપ કરાય છે. શરૂઆતમાં નમસ્કાર મહામંત્રના અક્ષરોમાં ચિત્તને એકાગ્ર બનાવવું જોઇએ. શ્રદ્ધા સદ્ભાવપૂર્વક તન્મયતાથી કમળબંધ જાપ વડે જપેલો એક જ નવકાર એક લાખ નવકારના જાપનું ફળ આપનાર થયા છે.

**હસ્તજાપ :** નંદાવર્ત, શંખાવર્ત વગેરે પ્રકારોથી હસ્તજાપ (કરજાપ) થાય છે. ઇષ્ટકાર્યની સિદ્ધિ, પિશાચાદિ વ્યંતરોના ઉપદ્રવની શાંતિ, કલેશ-વિનાશ ઇત્યાદિ ફળો આ હસ્તજાપનાં શાસ્ત્રકારોએ દર્શાવ્યા છે. એની રીત ગુરુગમથી જાણવી.

**માલાજાપ :** કમળબંધ જાપ કે હસ્તજાપ કરવાની શક્તિના અભાવે સુતર, રત્ન કે સ્ફટિક ઇત્યાદિની માળા પોતાના હૃદયની સમશ્રેણીમાં રાખી જાપ કરવો. પહેરેલા વસ્ત્ર કે પગ સાથે માળાનો સ્પર્શ ન થવા દેવો.

**અજપાજાપ :** હજારો કે લાખોની સંખ્યામાં મંત્રજાપ થયા પછી જાપ સિવાયના કાર્યો કરતી વેળાએ પણ મંત્રાક્ષરોનું અંતરમાં રટન ચાલુ રહે. બહારમાં હોઠ વગેરે ફરકે નહિ તે અજપા જાપ કહેવાય છે. મંત્રજાપનો અભ્યાસ વધી જાય છે, ત્યારે તદાકારતા અનુભવનારને આ અજપા જાપ સિદ્ધ થાય છે.

**ત્રિવિધ જાપ :** (૧) કેવળ મનોવૃત્તિથી ઉત્પન્ન થયેલો અને માત્ર પોતે જાણી શકે તે રીતે થતો પહેલો **'માનસ જાપ'** શાંતિ આદિ ઉત્તમ કાર્યો માટે થાય છે.

(૨) વ્યક્ત વર્ણ ન સંભળાય એ રીતે મંત્રાક્ષરો બોલીને જાપ કરવો તે બીજો **'ઉપાંશુ જાપ'** છે.

શુભેચ્છક

માતુશ્રી લક્ષ્મીબેન મોરારજી હરિયા પરિવાર [કચ્છ-ભોજાય-શાંતાક્રુઝ]

પ્રેરણા : શ્રી હર્ષ દેઢિયા (ઘાટકોપર)

(૩) બીજાઓ સાંભળી શકે તે રીતે કરાતો ત્રીજો **'ભાષ્ય જાપ'**.

**લિખિત જાપ :** લિખિત જાપ ઘણો જ લાભકારી છે. લિખિત જાપમાં ચિત્ત અવશ્ય એકાગ્ર બને છે. હૃદય પવિત્રતાથી ભરપૂર બને છે. એક જ આસને લાંબો કાળ બેસવાનો અભ્યાસ થાય છે. ઇંદ્રિયો સ્વવશ બને છે. મંત્ર લખવાના સમયે મંત્રોચ્ચારણ કરતાં રહેવું જોઇએ. જપયોગમાં પ્રથમ પ્રવેશકને આ લિખિત જાપ અતિ સહાયક બને છે.

**જપ અંગે જાણવા લાયક :**

જપની રીત : **(૧) સ્તોત્ર પ્રાર્થના :**

જપની પૂર્વે શ્રી જિનેશ્વરદેવની ગંભીર ભાવથી ભરેલી પ્રાર્થના-સ્તવના કરવી આવશ્યક છે. તેનાથી સાધકમાં સાત્ત્વિક ભાવનું ઉદ્દીપન-આવિર્ભાવ થાય છે.

**(૨) જાપની દિશા :**

જાપ માટે પૂર્વ યા ઉત્તર દિશા પસંદ કરવી. દિશાનો પણ પ્રભાવ રહેલો છે. જપમાં કલ્પનાતીત સહાયતા દિશા દ્વારા મળે છે.

**(૩) જાપનો સમય :**

શ્રી નમસ્કાર મહામંત્ર ગણવા માટે બ્રાહ્મમુહૂર્તનો (સવારે સૂર્યોદય પહેલાં ચાર ઘડી) સમય તથા સાંજે ગોધુલીનો સમય અતિ શ્રેષ્ઠ છે. તે વખતે નવકારનો જાપ કરવો જોઇએ. પ્રાતઃકાળે માણસનું મન કોરા કાગળ જેવું સ્વચ્છ હોય છે. ગોરજનો સમય પણ વ્યગ્રતા વિનાનો હોય છે. તે વખતે ન બની શકે તો પોતાને અનુકૂળ એવા અન્ય સમયે કરવો. રોજ નિયત સમયે જાપ થાય તો જાપમાં સ્થૈર્યએકાગ્રતા શીઘ્રપણે અનુભવી શકાય છે.

**(૪) જાપનું સ્થળ :**

જાપ માટે સ્થાન એકાંતવાળું પસંદ કરવું. બીજાઓની અવરજવરવાળા કે ઘોંઘાટ-વ્યાક્ષેપવાળા સ્થાનમાં ચિત્તનું સ્થૈર્ય રહી શકે નહિ. હંમેશ માટે નિયત સ્થાને જાપ થાય તે ખાસ સાચવવું. વારંવાર સ્થાન બદલવું નહિ. નિયત સ્થાને કરેલો જાપ બહુ લાભદાયી થાય છે.

**(૫) જાપની મુદ્રા :**

પદ્માસન વગેરે કોઇ પણ, સુખે બેસી શકાય એવા આસને બેસી જાપ કરવો. કરોડરજ્જુ સીધી રાખવી. દરરોજ નિયત સંખ્યામાં જાપ ચાલુ રાખવો. વચમાં આંતરું ન પડે તે ખાસ લક્ષમાં રાખવું. નિયત સંખ્યામાં જાપ પૂર્ણ કર્યા પછી જ ઉઠવું.

**બ્રહ્મચર્ય :** બ્રહ્મચર્ય તો સદાય હિત કરે છે, પરંતુ જપસાધનાના દિવસોમાં તો તેનું વિશેષ પાલન થવું જોઇએ.

**વ્યસન ત્યાગ :** સાધકે તમામ પ્રકારના માદક પદાર્થો, તમાકુ-પાન-બીડી, છીંકણી વગેરે વ્યસનો અને માદક પદાર્થોનો ત્યાગ કરવો જોઇએ. આ પદાર્થો પરમ આવશ્યક એવી એકાગ્રતાના ઘાતક છે.

અંગુલીના અગ્રભાગથી, વ્યગ્રચિત્તથી અને મેરુના ઉલ્લંઘનથી કરેલો જાપ પ્રાયઃ અલ્પફળ આપનારો થાય છે.

મૌન વિના, ધ્યાન વિના, ચિત્તના નિરોધ વિના, સ્વસ્થતા વિના કરેલો જાપ જઘન્ય જાપ કહેવાય છે. ઇંદ્રિયોના વિષયોથી મનને ખસેડી લઇને, મંત્રના અર્થમાં તન્મય મનવાળા બનીને, ઘણી ઉતાવળથી પણ નહિ અને ઘણા વિલંબથી પણ નહિ એમ સરખી રીતે મંત્ર જાપની ક્રિયા કરવી જોઇએ.

**મંત્ર પંચાંગી :** કોઇપણ મંત્ર હોય તેમાં મંત્રઋષિ, મંત્રછંદ, મંત્રદેવતા, મંત્રવિનિયોગ અને મંત્રન્યાસ આ પાંચ અંગો અવશ્ય હોય છે. આ પાંચ અંગ વિનાના મંત્રને મંત્ર કહી શકાય નહિ.

**(૧) મંત્રઋષિ :** નવકાર મંત્રના ઋષિ શ્રીસુધર્માસ્વામી છે કે જેઓએ વર્તમાન શાસનમાં સૂત્રરૂપે મંત્રનો પ્રથમ સાક્ષાત્કાર કર્યો અને બીજાઓને આપ્યો.

**(૨) મંત્ર છંદ :** એક ચૂલિકા તથા પાંચ અધ્યયનાત્મક ગાથાછંદ છે.

**(૩) મંત્ર દેવતા :** અર્હં-અરિહંતાદિ પંચ પરમેષ્ઠીઓ આરાધ્ય તત્ત્વો છે.

**(૪) મંત્ર વિનિયોગ :** (પ્રયોજન) સર્વ પાપોનો મૂળથી નાશ અને મંગળનું આગમન.

**(૫) મંત્રન્યાસ :** અંગન્યાસ વજ્રપંજર સ્તોત્ર, કરન્યાસ, આવર્ત જાપ આદિ.

**જાપ સાધકના લક્ષણો :**

**(૧) ઉપશાંત :** કષાયોના તાપથી રહિત ચંદન જેવા શીતળ હોય.

**(૨) એકાગ્રચિત્ત :** બીજા આડા અવળા વિચારો દૂર કરનાર.

**(૩) સુનિશ્ચિત :** આનાથી મારું ઇષ્ટ સિદ્ધ થશે જ, એવી અટલ શ્રદ્ધાવાળો.

**(૪) ઉપયુક્ત :** ચાલુ જાપની ક્રિયામાં જ મગ્ન.

**(૫) અવ્યાક્ષિપ્ત :** ચિત્તની વ્યગ્રતા કે વ્યાકુળતા વિનાનો.

**(૬) વિરક્ત :** વૈરાગ્યસંપન્ન-સમચિત્ત રતિ અને અરતિના હુમલાથી પર બનેલો હોવો જોઇએ.

□□□

શુભેચ્છક
માતુશ્રી પ્રભાબેન રાયચંદ ધરમશી પરિવાર (કચ્છ કોઠારા-વીરાર)
પ્રેરણા : શ્રી હર્ષ દેઢિયા (ઘાટકોપર)



# સુખકારક શ્રી નવકાર

## પૂ. આચાર્યદેવશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ

**हरइ दुहं कुणइ सुहं जणइ जसं सोसए भव समुद्दं ।**
**इह लोय पारलोइय, सुहाण मूलं नमुक्कारो ।।१।।**

**અર્થ :** શ્રી નમસ્કાર મહામંત્ર દુઃખને હરે છે, સુખને કરે છે, યશને ઉત્પન્ન કરે છે, ભવસમુદ્રને શોષવે છે તથા આ નવકાર આલોક અને પરલોકનાં સઘળાં સુખોનું મૂળ છે. શાસ્ત્રોમાં ઠેર ઠેર મહામંત્ર શ્રી નમસ્કારનો જે મહિમા બતાવવામાં આવ્યો છે તે કેવળ શ્રદ્ધોક્તિ નથી, તેમાં અતિશયોક્તિભર્યું કંઇ પણ નથી. પરંતુ જ્ઞાનીઓની દૃષ્ટિએ એક સિદ્ધ થયેલી હકીકત છે. આજે પણ સમર્પિત ભાવે જેઓ મહામંત્રને શરણે જાય છે અને વિધિપૂર્વક તેનું આરાધન કરે છે, તેમને પોતાની યોગ્યતાનુસાર યત્કિંચિત્ પણ સ્વાનુભવ થયા સિવાય રહેતો નથી. માત્ર તે અનુભવ મેળવવા માટે સાધકે પોતાની યોગ્યતા વધારવાની જરૂર રહે છે. શ્રી નમસ્કારનું સ્મરણ દુઃખને હરે છે, સુખને કરે છે ઇત્યાદિક કહેવાની પાછળ જે રહસ્ય રહેલું છે, તે સ્થિર બુદ્ધિથી વિચારવાથી એ વાત સમજી શકાય તેવી છે.

આપણા ચિત્તમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ નામની ત્રણ વૃત્તિઓ રહેલી છે. તેમાં જ્યારે ચિત્ત તમોવૃત્તિથી આવૃત્ત થાય છે, ત્યારે તેમાં કામ, ક્રોધ, લોભ, મોહ, ઇર્ષ્યા, અહંભાવ, માયા, અસત્યતા, કઠોરતા, ઇર્ષ્યાલુતા, ચિંતાતુરતા, દીનતા, નિર્માલ્યતા, લુબ્ધતા, મૂઢતા આદિ ક્લિષ્ટ લાગણીઓ ઉત્પન્ન થાય છે અને ચિત્તની એ ક્લિષ્ટ લાગણીઓ જ આપણા દુઃખમાં મુખ્ય હેતુભૂત હોય છે. ચિત્તનો એવો ધર્મ છે કે તે જેવા ભાવમાં ભળે છે, તેમાં તે તદાકાર બની જાય છે. જ્યારે તે ક્રોધાદિ ક્લિષ્ટ ભાવોની અસર નીચે આવે છે, ત્યારે તે તદ્રૂપ બની જાય છે. એ ક્લિષ્ટ વૃત્તિઓ આત્મામાં વિવિધ પ્રકારના સંકલેશો ઉત્પન્ન કરે છે, એ એક અનુભવ સિદ્ધ હકીકત છે. હવે એ જ ચિત્ત જ્યારે સાત્ત્વિકાદિ ભાવોથી ભરપૂર પંચ પરમેષ્ઠીઓનું ઉત્તમ આલંબન પામી તેમાં લીન થાય છે, ત્યારે તે દુઃખકારક ક્લિષ્ટ વૃત્તિઓથી એટલો વખત નિરાળું બને છે અને પોતે સત્ત્વપ્રધાન વૃત્તિઓ સાથે તદાકાર બને છે. આ સત્ત્વગુણનો પ્રભાવ જ એવો છે કે તે ચિત્તમાં આહ્લાદ, પ્રસન્નતા અને પ્રમોદ આદિ ઉત્તમ ભાવોને ઉત્પન્ન કરે છે, કે જે ભાવો ઉત્પન્ન થતાં દુઃખ ટકી શકતું નથી. સુખ અને દુઃખ એ બહારથી આવતાં નથી, પણ બન્ને ચિત્તના ધર્મ હોવાથી અંદરથી જ પ્રગટે છે અને તે બન્નેનો સ્વભાવ પ્રકાશ અને અંધકારની જેમ પરસ્પર વિરોધી છે.

જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર ટકે નહિ, અને જ્યાં અંધકાર હોય ત્યાં પ્રકાશની વિદ્યમાનતા છે એમ કહી શકાય નહિ. એક કાળે બન્ને ભાવો પ્રધાનપણે એક સાથે ટકી શકતા નથી, તેથી પંચ પરમેષ્ઠીઓના આલંબનથી ચિત્ત જ્યારે સત્ત્વપ્રધાન બને છે, ત્યારે તેટલો વખત દુઃખથી તે મુક્ત બને છે અને તેમાં સુખ આપોઆપ ઉત્પન્ન થાય છે. પ્રકૃતિના નિયમ પ્રમાણે જ્યારે મનુષ્યનું ચિત્ત સત્ત્વપ્રધાન બને છે, ત્યારે તેમાં એક એવું સામર્થ્ય પ્રગટ થાય છે કે તેના પ્રભાવે તે સારા માઠા તમામ નિમિત્તોને લાભકારી બનાવી શકે છે. સામાન્ય ઉપદ્રવથી માંડી મરણાંત ઉપસર્ગ સુધીનો એક પણ પ્રસંગ એવો નથી કે સ્થિર અને શાંત ચિત્તવાળાને તે લાભ કરનારો ન બને. તેનાથી ઉલટું જેનું ચિત્ત સ્થિર નથી, અને જેની બુદ્ધિ નિર્મળ નથી, તેના માટે ઊંચામાં ઊંચું ગણાતું આલંબન પણ લાભ કરનારું બનતું નથી. ચંચળ ચિત્તની સ્થિરતા ઉત્તમ આલંબનોના પુનઃ પુનઃ અભ્યાસથી સાધ્ય છે, તે વિના શક્ય નથી.

આત્માના વિકાસ માટે ઉત્તમ આલંબનોના બળથી દિન પ્રતિદિન પોતાની યોગ્યતા પ્રગટાવવા સદા અપ્રમત્ત રહેવું એ માનવ જીવનમાં કરવા લાયક એક મહાન કાર્ય છે. જેટલા પ્રમાણમાં યોગ્યતા પ્રગટે છે, તેટલા પ્રમાણમાં આત્માનો વિકાસ વેગવંત બને છે. પરમેષ્ઠીઓના સ્મરણ, જાપ, ધ્યાન આદિથી ચિત્ત સાત્ત્વિક બને છે. સાત્ત્વિક ચિત્ત અનેક ગુણ રત્નોની ખાણ સ્વરૂપ છે. શીલ અને સત્ત્વગુણથી ભરપૂર પૂર્વકાલીન મહાપુરુષોના પવિત્ર ચરિત્રો સાંભળતાં આજે પણ આપણી રોમરાજી વિકસ્વર બને છે અને અનેક આત્માઓને ઊંચે ચડાવવામાં એ દૃષ્ટાન્તો આલંબનભૂત બને છે, તેમાં મુખ્ય કારણ એમણે સત્ત્વપ્રધાન વૃત્તિ કેળવી હતી, તે છે. પંચ પરમેષ્ઠીઓના આલંબનથી ચિત્ત જ્યારે સત્ત્વપ્રધાન બને છે, ત્યારે ચિત્તમાં ધીરતા, વીરતા, ગંભીરતા, કરૂણા, મૈત્રી, પ્રેમ, ઉદારતા, ક્ષમા, સંતોષ, સમતા, સરળતા, પ્રામાણિકતા, મધ્યસ્થતા, સત્ય, ન્યાયનિષ્ઠા, કૃતજ્ઞતા, પરોપકારિતા, પ્રસન્નતા, પ્રશાન્તતા, સહૃદયતા, નમ્રતા, ગુણપ્રમોદ, સમર્પિતતા આદિ અનેક ગુણોની હારમાળા પ્રગટ થતી જ રહે છે. અહીં એટલું સમજવું જરૂરી છે કે- પંચ પરમેષ્ઠીઓનું સ્મરણ એટલે અમુક સમયમાં કે અમુક સંખ્યામાં માત્ર ઉપર ઉપરથી નવકાર ગણી જવા એટલો જ એનો અર્થ નથી, પરંતુ આપણા ચિત્તમાં મહામંત્રની સ્થિરતાપૂર્વક સ્થાપના કરવી જરૂરી છે. તેના સ્મરણાદિમાં આત્માને તદાકાર બનાવવો જોઇએ. શુદ્ધ ભાવ, પ્રેમ અને દિવ્ય ભક્તિથી પરમેષ્ઠીઓનું સ્મરણ કરવું જોઇએ. જેવી રીતે જલથી પરિપૂર્ણ સરોવરમાં ઘડાને ડુબાડવામાં આવે છે, તેવી રીતે પરમેષ્ઠીઓના પરમ તેજને આપણા આત્મ પ્રદેશમાં કલ્પી તેમાં આપણા ચિત્તરૂપી ઘટને ડુબાડી દેવો જોઇએ, તેમાં તન્મય થવું જોઇએ, તે ત્યાં સુધી કે આપણે અને પરમેષ્ઠીઓ હવે જુદા નથી, એવી રીતે ચિત્તને તેમાં વિલીન કરવાનું હોય છે.

શ્રદ્ધા, ઉત્સાહ અને ખંતપૂર્વકનો આ વિષયમાં કરેલો પુનઃ પુનઃ અભ્યાસ પરમેષ્ઠીઓની એકતા-તન્મયતા કરાવવામાં ઘણો જ સહાયક બને છે. ઉપરોક્ત રીતે હૃદય કમલ આદિ કોઇ પણ એકાદ ધ્યેય સ્થાનમાં પરમેષ્ઠીઓની કલ્પના કરી ચિત્તનું ત્યાં સ્થાપન કરવાથી પોતાને અનુભવમાં આવી શકે તેવી ઘણી પ્રતીતિઓ ઉત્પન્ન થાય છે. સૌ કોઇ નમસ્કારના પરમ તેજને પ્રાપ્ત કરો એ જ શુભેચ્છા.

□□□



# શ્રી નવકાર અને સામાયિક

## કિરણભાઇ

**નામ અને નમસ્કાર :**

સર્વ ધર્મશાસ્ત્રોએ નામનો મહિમા ઘણો ગાયો છે. નામમાં શક્તિ છે તેથી નમસ્કારમાં અનંતગણી શક્તિ છે. પરમાત્માનું નામ અચિંત્ય મહિમાવાળું છે. નામસ્મરણથી સુખ પ્રાપ્ત થાય છે. નામ સ્મરણથી શાંતિ પ્રગટે છે.

**સાહેબ નામ સંભારતા, કોટિ વિઘન ટળી જાય;**
**રાઇ ભાર બસંદરા, કેતા કાઠ જલાય.**

પરમાત્માનું નામ યાદ કરવાથી કરોડો વિઘ્નો ટળી જાય છે. જેમ રાઇ ભર અગ્નિ કાષ્ઠના સમુદાયને ભસ્મ કરી દે છે.

**આદિ નામ પારસ અહે, મન હૈ મેલા લોહ;**
**પરસત હિ કંચન ભયા, છૂટા બંધન મોહ.**

પ્રભુનું નામ તો પારસમણિ છે અને મન તો મલિન લોખંડરૂપ છે. નામનો સ્પર્શ થતાં જ મન કંચનરૂપ બને છે અને મોહના બંધનનો ક્ષય થાય છે.

**નામ જો રતી એક હૈ, પાપ જુ રતી હજાર;**
**આધ રતી ઘટ સંચરે, જારિ કરૈ સબ છાર.**

એક રતી પરમેશ્વરનું નામ બસ છે. ભલે હજાર રતી પાપ કેમ ન હોય! જો હૈયામાં અર્ધી રતી પણ પ્રભુનું નામ દૃઢ થઇ જાય તો સર્વ પાપ કર્મોનો ક્ષય કરી નાખે.

પરમાત્માના નામનું બળ જો મેરુ પર્વત જેટલું છે, તો પરમાત્માને નમસ્કારનું બળ ચૌદ રાજલોક જેટલું છે. જો નામરૂપી પારસમણિ મનરૂપી લોખંડને સુવર્ણરૂપ કરે છે, તો નમસ્કારરૂપી અચિંત્ય ચિંતામણિ આત્માને પારસરૂપ બનાવે છે. નામ પરિચય કરાવે છે. નમસ્કાર સમર્પણ કરાવે છે. નામ એ જ્ઞાન છે. નમસ્કાર એ ક્રિયા છે.

**'નમસ્કાર'નું માનસશાસ્ત્ર :** નમસ્કારથી નમસ્કાર કરનાર જેને નમસ્કાર કરે છે, તે તેની તુલ્ય બને છે. પરમાત્માને નમસ્કાર, પરમ પવિત્ર સત્ત્વોને નમસ્કાર, શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર આપણા આત્મગુણોને પ્રગટાવે છે.

**सुचिरं पि तवो तवियं चिन्नं चरणं सुयं च बहुपढियं ।**
**जइ ता न नमुक्कारे रइ तओ तं गयं विहलं ।।**

લાંબા કાળ સુધી તપને તપ્યો, ચારિત્રને પાળ્યું અને ઘણા શાસ્ત્રને ભણ્યો, પણ જો નમસ્કારને વિષે રતિ ન થઇ, તો સઘળું નિષ્ફળ ગયું જાણવું.

**पत्ता पाविस्संती पावंति य परमपयपुरं जे ते।**
**पंचनमुक्कारमहारस्स सामत्थजोगेणं ।।**

પરમ-પદ-પુરને જેઓ પામ્યા છે, પામશે અને પામે છે, તે સર્વે પંચ નમસ્કારરૂપી મહારથના સામર્થ્ય યોગે જ છે.

શાસ્ત્રકારોએ સંકલેશ વખતે, કષ્ટ વખતે તથા ચિત્તની અરતિ અને અસમાધિ વખતે વારંવાર પંચ પરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરવાનું ફરમાવ્યું છે. અસમાધિઓને અને અશાંતિઓને અદૃશ્ય કરવાનો સિદ્ધ, શીઘ્ર અને અમોઘ ઉપાય જ્ઞાનીઓએ શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કારના અવલંબનનો બતાવ્યો છે. વિધિપૂર્વક તેનો આશ્રય લેનારને શ્રી નમસ્કાર મહામંત્ર અપૂર્વ શાંતિ આપે છે, અનંત કર્મોનો નાશ કરાવે છે, તેમ જ સદ્ધર્મ અને તેના પરિણામે મળતા અનંત સુખોનો ભાગી બનાવે છે. શ્રી પંચ પરમેષ્ઠી નમસ્કાર એ ભાવધર્મનું બીજ છે અને ભાવધર્મની સિદ્ધિથી પ્રાપ્ત થનારા સ્વર્ગ અને અપવર્ગના સુખોનું પણ બીજ છે. સુખ મેળવવાના કે દુઃખ દૂર કરવાના અર્થી એવા આત્માઓએ નમસ્કાર જેવી અસાધારણ ચીજથી દૂર ન રહેવું જોઇએ.

**નમસ્કારની અચિંત્ય શક્તિ (Power of Prayer) :**

શ્રી પરમેષ્ઠી નમસ્કાર એ પરમમંત્ર છે, એ પરમશાસ્ત્ર છે, સર્વ શાસ્ત્રોમાં શિરોમણિભૂત મહાશાસ્ત્ર છે. નમસ્કાર એ પ્રાર્થના છે, પરમમંગલ પ્રાર્થના છે. આ શ્રેષ્ઠ પ્રાર્થના ધર્મમહાસત્તા સાથે અનુસંધાન કરવાનો સરળ અને અનન્ય ઉપાય છે. નમસ્કાર વડે પરમ ઉપકારી પરમાત્મા સાથે સહજ તાદાત્મ્ય સાધી શકાય છે. નમસ્કાર એ માનવીને પરમેશ્વરત્વ પ્રત્યે લઇ જનારો પુલ છે. નમસ્કાર એ જીવત્વ અને શિવત્વ વચ્ચેની સીડી છે. નમસ્કાર એ સર્વશક્તિસંપન્ન પરમાત્માના આપણા ઉપરના, જીવમાત્ર ઉપરના અચિંત્ય ઉપકારોનું સ્મરણ છે. નમસ્કાર એ ધર્મમહાસત્તાની અપાર દયા અને નિઃસીમ કૃપાનો સ્વીકાર છે. (Acceptence of Boundless Mercy and Infinite Grace.) આધ્યાત્મિક જીવન પ્રગટાવવા માટે નમસ્કાર અનિવાર્ય છે. આધ્યાત્મિક જીવન કઇ રીતે પ્રગટાવવું? જીવત્વના પગથિયાથી શિવત્વની ટોચ પ્રત્યે કઇ રીતે ચડવું? નમસ્કારની શ્રેષ્ઠ પ્રાર્થના કઇ રીતે કરવી? નમસ્કાર એ ભાવધર્મનું બીજ છે. આ બીજમાંથી ફળ પ્રગટાવવાની પ્રક્રિયાનું નામ **'સામાયિક'** છે. નમસ્કાર રસસિદ્ધિનો કિમિયો છે. સામાયિક રસસિદ્ધિની ક્રિયા (Process) છે. નમસ્કાર પૂર્વાર્ધ છે અને સામાયિક ઉત્તરાર્ધ છે. આપણે પ્રથમ નમસ્કારરૂપી પૂર્વાર્ધનો પરિચય પામીને પછી જ સામાયિકરૂપી ઉત્તરાર્ધને પ્રાપ્ત કરી શકીશું.

**શ્રેષ્ઠ પ્રાર્થના :**

નમસ્કાર એ શ્રેષ્ઠ પ્રાર્થના છે, આ શ્રેષ્ઠ પ્રાર્થના સહજ સ્વાભાવિકપણે કરવાની પદ્ધતિ (Act of spiritual discipline spontaneously practised એ સામાયિક છે. નમસ્કાર એ સર્વોચ્ચ શરણાગતિ છે, અનન્ય સમર્પણ છે. નમસ્કારભાવ માનવહૃદયની અંદર અવશ્ય રહેલો છે. માનવહૈયું

આપત્તિ સમયે, દુઃખની પળોમાં કે સંકલેશ પ્રસંગે સર્વ સમર્થનું શરણ ઝંખે છે, પરમાત્માની કૃપાને ઇચ્છે છે, પરમ સત્તાની સહાયને વાંછે છે. આ ઝંખના, આ ઇચ્છા, આ વાંછા એ પ્રાર્થના છે. નમસ્કાર એ સર્વ શ્રેષ્ઠ પ્રાર્થના છે. નમસ્કાર સર્વ શ્રેષ્ઠ પ્રાર્થના છે, કારણ કે તે દ્વારા જે પુરુષોની આરાધના કરવામાં આવે છે, તે બધા વીતરાગ અને નિઃસ્પૃહ મહાત્માઓ છે. અન્ય પ્રાર્થનાઓના આરાધ્ય દેવો સંસારી, સ્પૃહાવાળા અને સરાગી આત્માઓ હોય છે. નમસ્કારની પ્રાર્થનામાં સર્વાધિક શક્તિ હોવાનું કારણ એ પ્રાર્થનાના અધિનાયકોની પરમવિશુદ્ધિ છે. સરાગીની શક્તિ ગમે તેટલી મોટી હોય તો પણ વીતરાગતાની અચિંત્ય શક્તિમત્તા અને પ્રભાવશાળીતાની આગળ તે એક બિંદુ જેટલી પણ માંડ ગણાય. નમસ્કાર શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોની અપાર કરૂણા પ્રત્યે આપણને સજાગ બનાવે છે. શ્રી નમસ્કાર મહામંત્રના વારંવારના રટણથી એ પરમપુરુષોના આપણા સર્વ ઉપરના અનંત ઉપકારોનું સ્મરણ થાય છે અને આપણો કૃતજ્ઞતાનો ભાવ (Sense of Gratitude) પ્રગટ થાય છે.

**આધ્યાત્મિક સાધનામાં ગુણાનુરાગનું મહત્વ :**

સુખનું મૂળ ગુણાનુરાગમાં રહેલું છે. દુઃખનું મૂળ ગુણદ્વેષમાં રહેલું છે. ગુણાનુરાગ વિના કોઇ પણ પ્રકારની આધ્યાત્મિક સાધના શક્ય જ નથી. જ્યાં સુધી આપણામાં ગુણદ્વેષ છે, ત્યાં સુધી મિથ્યાત્વ છે. આપણે વારંવાર વિચારવું જોઇએ કે ક્યારેક, ક્યાંય, કોઇનાય ગુણ પ્રત્યે આપણને સહેજ પણ દ્વેષભાવ થતો નથી ને! આ માટે પ્રત્યેક સાધકે પોતાની જાતનું સૂક્ષ્મ નિરીક્ષણ (X'Ray observation) કરવું પડશે. ગુણાનુરાગનો પ્રભાવ વર્ણવતાં **પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ** ફરમાવે છે કે :

**गुणी च गुणरागी च, गुणद्वेषी च साधुषु ।**
**श्रूयन्ते व्यक्तमुत्कृष्टमध्यमाऽधमबुद्धयः ।।१।।**
**ते च चारित्रसम्यक्त्व मिथ्यादर्शनभूमयः ।**
**अतो द्वयोः प्रकृत्यैव, वर्तितव्यम् यथाबलम् ।।२।।**

ગુણી, ગુણરાગી અને ગુણદ્વેષી ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે. શાસ્ત્રમાં તેને અનુક્રમે ઉત્કૃષ્ટ, મધ્યમ અને અધમ બુદ્ધિવાળા કહ્યા છે. તેઓ અનુક્રમે ચારિત્ર, સમ્યક્ત્વ અને મિથ્યાત્વની ભૂમિકા પર રહેલા છે. માટે પ્રથમની બે ભૂમિકા માટે શક્તિ મુજબ પ્રયત્નશીલ રહેવું જોઇએ.

જે પોતે જ ગુણી છે, ચારિત્રવાન્ છે, માટે ઉત્કૃષ્ટ છે. ગુણાનુરાગી એ સમ્યક્ત્વવાન છે, માટે મધ્યમ છે. ગુણદ્વેષી એ મિથ્યાદૃષ્ટિ છે, માટે અધમ છે. પોતાનામાં અધમતા ન આવી જાય તે ખાતર ગુણવાન ન બની શકાય તો પણ ગુણાનુરાગી તો રહેવું જ જોઇએ. ગુણાનુરાગી આત્મા ગુણવાન્ ન હોવા છતાં ગુણસ્તુતિ અને ગુણપ્રશંસાના યોગે સમ્યક્ત્વવાન્ રહી શકે છે. પરમેષ્ઠી નમસ્કાર એ ગુણસ્તુતિ અને ગુણાનુરાગરૂપ હોવાથી સમ્યક્ત્વની ભૂમિકાને ટકાવી રાખનાર છે, તેથી પ્રત્યેક સમ્યગ્દૃષ્ટિ જીવોનો તે આધાર છે, પ્રાણ છે, આશ્રય છે, પરમ આલંબન છે,

**નમસ્કાર એટલે ગુણાનુરાગ :**

પરમેષ્ઠી નમસ્કારના મૂળમાં ગુણાનુરાગ રહેલો છે. ગુણહીન જીવોની ઉન્નતિમાં મુખ્ય હેતુ ગુણાનુરાગ છે. જ્યાં સુધી જીવમાં દોષ રહેલા છે, ત્યાં સુધી તે દોષોમાંથી મુક્ત થવા માટે જેમ તે દોષોની પુનઃ પુનઃ નિંદા અને ગર્હા આવશ્યક છે, તેમ જ્યાં સુધી જીવમાં ગુણોનો અભાવ છે, ત્યાં સુધી તે ગુણોની પ્રાપ્તિ માટે ગુણસ્તુતિ અને ગુણપ્રશંસા પણ તેટલી જ જરૂરની છે. દોષોના સેવનમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ જે પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે, તેના કરતાં દોષોનું સેવન કર્યા બાદ તેની નિંદા, ગર્હા, આલોચના કે પ્રાયશ્ચિત્ત નહિ કરનારને તે ઘણું વધતું જાય છે, અનંતગણું પણ બની જાય છે. એ જ નિયમ ગુણોના વિષયમાં પણ લાગુ પડે છે. કોઇ ગુણ જીવમાં ન હોવો એમાં તેટલી દોષ પાત્રતા નથી, જેટલી છતી શક્તિએ ગુણવાનની સ્તુતિ કે પ્રશંસા, વિનય કે ભક્તિની ઉપેક્ષા કરવામાં દોષપાત્રતા રહેલી છે. એ કારણે દોષના પ્રતિક્રમણની જેમ ગુણોની સ્તુતિને પણ શાસ્ત્રકારોએ એક આવશ્યક કર્તવ્ય તરીકે પ્રબોધેલ છે. ચતુર્વિંશતિસ્તવ (લોગસ્સાદિ) તે ગુણસ્તુતિરૂપ છે.

ગુણસ્તુતિ વિના ગુણહીનતા નિવારણનો બીજો કોઇ સચોટ ઉપાય શાસ્ત્રકારોએ જોયો નથી. જ્યાં સુધી ગુણસ્તુતિના માર્ગે જીવ વળે નહિ, ત્યાં સુધી ગુણહીન અવસ્થામાંથી મુક્તિ મળે નહિ. જો આપણે આપણી ગુણહીન અવસ્થા દૂર કરવી હોય તો ગુણાનુરાગ અને ગુણસ્તુતિના માર્ગે અવશ્ય વળવું પડશે. પંચ પરમેષ્ઠી પરમ ગુણવાન છે અને તેથી પરમેષ્ઠી નમસ્કાર પરમગુણસ્તુતિરૂપ છે, પરમસ્તુતિવાદરૂપ છે. પરમેષ્ઠી નમસ્કાર એ ત્રણે કાળ અને ત્રણે લોકમાં થઇ ગયેલા, થઇ રહેલા અને થનારા મહર્ષિઓને પ્રમાણરૂપ હોવાથી તે શ્રેષ્ઠ ગુણાનુરાગરૂપ છે અને શ્રેષ્ઠ ગુણસ્તુતિરૂપ છે.

**પરમાત્મભાવનું બીજ :**

સમ્યગ્દૃષ્ટિ આત્મા માટે ગુણાનુરાગ અને ગુણસ્તુતિ એ મુખ્ય ચીજ છે. તેના વિના એનું આંતર્ જીવન-અંતરાત્મભાવ ક્ષણવાર પણ ટકી શકતો નથી. સમ્યક્ત્વની ભૂમિકા ટકાવી રાખવા માટે પરમેષ્ઠી નમસ્કાર એ અનિવાર્ય છે. **'શ્રી અધ્યાત્મસાર'** પ્રકરણના 'યોગાનુભવ' અધિકારમાં કહ્યું છે કે-

**विषयकषायावेशः, तत्त्वाऽश्रद्धा गुणेषु च द्वेषः ।**
**आत्माऽज्ञानं च यदा, बाह्यात्मा स्यात्तदा व्यक्तः ।।१।।**

વિષય કષાયનો આવેશ, તત્ત્વની અશ્રદ્ધા, ગુણોનો દ્વેષ અને આત્મતત્ત્વનું અજ્ઞાન એ બહિરાત્મનું સ્પષ્ટ લક્ષણ છે. આથી નક્કી થાય છે કે ગુણદ્વેષ ટળ્યા વિના બહિરાત્મભાવ જતો નથી અને અંતરાત્મભાવ પ્રગટતો નથી.

ચોથા ગુણસ્થાનકથી માંડી બારમા ગુણસ્થાનકની પ્રાપ્તિ સુધીની અવસ્થા અંતરાત્મભાવની અવસ્થા છે. એમાં સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, અપ્રમાદ અને શ્રેણિનું આરોહણ અંતર્ભાવ પામે છે. ક્ષપકશ્રેણિના અંતે પરમાત્મભાવ પ્રાપ્ત થાય છે. કેવળજ્ઞાન, યોગનિરોધ, કર્મનાશ અને સિદ્ધિનિવાસ, એ પરમાત્મભાવના લક્ષણો છે. એ રીતે ગુણાનુરાગ પરમાત્મભાવનું બીજ બની જાય છે. પરમેષ્ઠી નમસ્કાર એ ગુણાનુરાગનું પ્રતીક છે. એનાથી ગુણાનુરાગ ન હોય તો જાગે છે અને હોય તો વધે છે.

અંતરાત્મભાવને લાવનાર, તેને ટકાવનાર, વધારનાર અને છેવટે પરમાત્મભાવ સુધી પહોંચાડનાર પરમેષ્ઠી નમસ્કાર છે. તેથી માર્ગાનુસારીની ભૂમિકામાંથી માંડી સર્વ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિધર જીવોનું પરમેષ્ઠી નમસ્કાર એ પરમ આવશ્યક કર્તવ્ય થઇ પડે છે. ધર્મના પ્રારંભથી અંત સુધી પ્રત્યેક ધર્માર્થી આત્માની ઉન્નતિમાં તે પરમ સહાયક થઇ પડે છે.

**પરમેષ્ઠી નમસ્કાર – સંપૂર્ણ આધ્યાત્મિક સાધના :**

નમસ્કાર એ શ્રેષ્ઠ પ્રાર્થના છે. નમસ્કાર એ શ્રેષ્ઠ ગુણાનુરાગ છે. નમસ્કાર એ શ્રેષ્ઠ ગુણસ્તુતિ છે. નમસ્કાર કૃતજ્ઞતા (Sense of Gratitude) દર્શાવે છે. નમસ્કાર પરમ ઉપકારીઓના ઉપકારનો સ્વીકાર છે. પ્રાથમિક ભૂમિકામાં નમસ્કાર માત્ર દુઃખમુક્તિ કે સુખપ્રાપ્તિના હેતુ માટે હોઇ શકે, આવેલું વિઘ્ન ટાળવા કે ઇચ્છિત ફળને પ્રાપ્ત કરવા નમસ્કારભાવનું શરણ લેવાયું હોય.

મધ્યમ ભૂમિકામાં મન, વચન કાયાની વિશેષ શુદ્ધિ થતાં કર્મમેલ ઓછો થતાં, જીવન પવિત્ર બનતાં નમસ્કાર ગુણાનુરાગ અને ગુણસ્તુતિરૂપ બની રહે છે. શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોને સર્વ સમર્પણના સ્વીકારરૂપ બની રહે છે. પરમાત્માના વિરહના અશ્રુરૂપ બની રહે છે. અર્થાત્ મધ્યમ અવસ્થામાં નમસ્કારભાવ પરમ શ્રેષ્ઠ સાથેના તાદાત્મ્યની તાલાવેલીરૂપ છે.

ઉચ્ચ ભૂમિકામાં નમસ્કારભાવ શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોના અંતરતમ સાથે મિલન કરાવે છે. સર્વ પ્રત્યેના અનંત પ્રેમની અને સર્વ શ્રેષ્ઠ જ્ઞાનની (Boundless Love and Supreme Wisdom) પૂર્ણતા પ્રગટાવે છે.

નમસ્કારભાવને ઉચ્ચ ભૂમિકા સુધી પહોંચાડનાર સામાયિકની પ્રક્રિયા છે. નવકાર એ જ્ઞાન (Theory) છે. સામાયિક એ ક્રિયા (Practice) છે. નવકાર પરમાત્મભાવની ચાવી (Formula) છે. આ ચાવીને કાર્યકારી બનાવનાર પ્રયોગ (Experiment) સામાયિક છે. નવકાર અને સામાયિક બન્ને એકબીજાના પૂરક છે. સામાયિક વિના નવકાર અધૂરો છે. નવકાર વિનાનું સામાયિક નિષ્ફળ છે. નવકારપૂર્વકના સામાયિક વડે આધ્યાત્મિક સાધના સંપૂર્ણ બને છે.

**નમ્રતા, કૃતજ્ઞતા અને સમર્પણ :**

પરમાત્મતત્ત્વ સાથે તાદાત્મ્ય સાધવાનો સર્વથી સરસ માર્ગ નમસ્કારભાવ છે. નમસ્કારભાવ પરમાત્મતત્ત્વ સાથે આપણા સંબંધને જોડે છે. આપણામાં રહેલા અહંકારભાવને ઓગાળે છે. આપણામાં રહેલા શુદ્ધભાવને જગાડે છે. નમસ્કારની ક્રિયા ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિક પ્રક્રિયા છે. નમસ્કારભાવ પ્રત્યેક માનવીમાં સુષુપ્તપણે રહેલો જ છે. માનવમન પોતાનાથી અધિકનું શરણ ચાહે છે, પોતાનું સર્વસ્વ ક્યાંય સમર્પણ કરવા માટે ઝંખે છે. જેમનામાં અહંકારભાવ છે, એવા મનુષ્યોના હૃદયમાં પણ નમસ્કારભાવનું બીજ અવશ્ય રહેલું છે.

જ્યારે માનવીને દુઃખ આવે છે, ભય થાય છે, પ્રતિકૂળ વાતાવરણ હોય છે ત્યારે તે પ્રાર્થના કરે છે, પ્રભુનું સ્મરણ કરે છે, પરમાત્માને પ્રાર્થે છે, ધર્મમહાસત્તાની સહાયને ઇચ્છે છે. નમસ્કારભાવને શરણ આવે છે. અહીં નમસ્કારભાવ નમ્રતારૂપે છે. નમસ્કારભાવ ઉપર ઉપકારી પુરુષો પ્રત્યે આપણી કૃતજ્ઞતા દર્શાવે છે. તે વડે આપણા પ્રત્યેની તેમની દયા અને કરુણાનો આપણે સ્વીકાર કરીએ છીએ.

કૃતજ્ઞતાભાવ સર્વ ગુણોનું મૂળ છે. જેમના આપણા ઉપર ઉપકારો છે, તે ઉપકારો જો આપણને ન સ્પર્શે તો સમજવું કે હજી ધાર્મિકતા માટે આપણે અયોગ્ય છીએ. પોતે પોતાને ધાર્મિક માનવાથી કે માત્ર ધાર્મિકતાની વાતોથી કંઇ નહિ વળે. હૈયામાં ધાર્મિકતા માટેના પ્રાથમિક ગુણો નમ્રતા, વિનય, કૃતજ્ઞતા, અનુકંપા વગેરે સ્પર્શવા જોઇએ. નમસ્કારભાવ નમ્રતા લાવે છે, કૃતજ્ઞતાભાવ પ્રગટાવે છે અને સમર્પણભાવ સુધી પહોંચાડે છે.

**આંતરવિશુદ્ધિનું અનન્ય સાધન :**

નમસ્કાર અંતરની શ્રેષ્ઠ પ્રકારની વિશુદ્ધિ કરનારું અનન્ય સાધન છે. ('નમસ્કાર' is the best purifier, and it cleanses the entire internal system.) અહંકાર દૂર કરીને અને નમ્રતા પ્રગટાવીને, કૃતઘ્નતાનો ક્ષય કરીને અને કૃતજ્ઞતા જગાડીને, સ્વાર્થભાવ ઓગાળીને અને સમર્પણભાવ લાવીને નમસ્કારભાવ આત્માનું વિશુદ્ધીકરણ કરે છે અને સામાયિકની શ્રેષ્ઠ ક્રિયા માટે આપણને યોગ્ય બનાવે છે.

શ્રી નવકારનું શરણ લેનારને અવશ્ય મનની શાંતિ પ્રાપ્ત થાય છે, સમ્યગ્-બુદ્ધિનો પ્રકાશ પ્રાપ્ત થાય છે, હૈયાની વિશાળતા પ્રાપ્ત થાય છે અને શરીરની સ્વસ્થતા પણ પ્રાપ્ત થાય છે. અચિંત્ય શક્તિશાળી શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોનું શરણ પામીને આરાધક ભય, દ્વેષ અને ખેદથી રહિત બને છે. અભય, અદ્વેષ અને અખેદથી સહજ સ્વાભાવિક મનની શાંતિ પ્રગટ થાય છે.

નમસ્કારભાવવડે અહંકારભાવનો ક્ષય થતાં મિથ્યાત્વ અને અજ્ઞાન દૂર થાય છે અને તેથી સમ્યગ્બુદ્ધિનો પ્રકાશ પ્રાપ્ત થાય છે. શાંત મન અને સમ્યગ્બુદ્ધિ હૃદયને વિશાળ બનાવે છે અને દેહની સ્વસ્થતાનો આધાર પણ મોટે ભાગે મનની સ્વસ્થતા ઉપર છે. દ્રવ્યનમસ્કાર દેહની સ્વસ્થતાનો આધાર છે. ભાવનમસ્કાર મનની સ્વસ્થતાનો આધાર છે.

**દેહની સ્વસ્થતા અને મનની સ્વસ્થતા :**

શ્રી નવકાર મંત્રના ઉચ્ચારણથી જે ધ્વનિ ઉત્પન્ન થાય છે, તે ધ્વનિના કંપનો (Vibration) સાધકના સ્થૂલ શરીર અને સૂક્ષ્મ શરીર (Gross Body and Subtle Body) ઉપર અસર કરે છે. મેરુદંડ અને મસ્તિષ્કની શીરાઓ (Spinal chord and Brain nerves) ઉપર આ ધ્વનિ તરંગોની સીધી અસર થાય છે. મંત્રના ઉચ્ચારણથી થતા ધ્વનિ તરંગો સાધકના શરીરના પ્રત્યેક પરમાણુની ગતિ ઉપર અસર કરે છે. પરમાણુઓની ગતિના ફેરફારથી એક વિશિષ્ટ પ્રકારની ઉષ્ણતા (Heat) ઉત્પન્ન થાય છે.

કોઇ પણ પ્રકારનું તપ દેહના પરમાણુઓની ગતિ પર અસર કરે છે અને તેથી પ્રગટતી ઉષ્ણતા વડે શરીરનો કચરો દૂર થતાં શરીરની શુદ્ધિ અને મનનો કચરો દૂર થતાં મનની શુદ્ધિ થાય છે. તીવ્ર ઉષ્ણતા વડે આત્મપ્રદેશોની પણ શુદ્ધિ થાય છે. તપ વડે શરીર સ્વસ્થ બને છે, તપ વડે મન પ્રસન્ન થાય છે અને તપ વડે આત્મા કર્મમળોથી મુક્ત બને છે. આ માત્ર દાર્શનિક દલીલ નથી, પણ અનુભવસિદ્ધ સત્ય છે.

દ્રવ્યનમસ્કાર અને ભાવનમસ્કાર બન્ને મળીને કાયયોગ, વચનયોગ અને મનોયોગની શુદ્ધિ કરે છે, દેહની સ્વસ્થતા અને મનની શાંતિ પ્રાપ્ત કરાવે છે. નમસ્કારભાવ વડે નમ્રતા પ્રગટે છે અને નમ્રતા માનસિક સ્વસ્થતા (Mental Relaxation) ની ચાવી છે.

**પોતાને ઓળખ (Know Thyself) :**

અહંકાર બુદ્ધિને કલુષિત કરે છે. કૃતઘ્નતા બુદ્ધિને સંકુચિત કરે છે, અવિનય બુદ્ધિમાં જડત્વ લાવે છે. નમ્રતા બુદ્ધિને સ્વચ્છ કરે છે. કૃતજ્ઞતા બુદ્ધિને વિશાળ કરે છે. વિનય બુદ્ધિમાં ચેતના લાવે છે. નમસ્કારભાવ વડે બુદ્ધિ પરિશુદ્ધ થઇ સંતુલિત બને છે. માત્ર સમ્યગ્બુદ્ધિ સત્યનો પરિચય પામી શકશે. (Completely well balanced intelligence cna fathom

Truth).

માનવી! તું તને પોતાને ઓળખ! (Man know Thyself) સર્વ પ્રથમ અગત્ય પોતે પોતાને ઓળખવાની છે. તત્ત્વજ્ઞોએ આ સત્ય કહ્યું છે, તેની પાછળ ગંભીર રહસ્ય ભરેલું છે. તત્ત્વજ્ઞો કહે છે કે ''તારા સંશોધનનો વિષય તું પોતે જ છે'' (Thouart Thyself the object of they search.) આ સત્યનો પરમ અર્થ ભલે આત્મતત્ત્વનો નિર્દેશ કરતો હોય પરંતુ તેનો પ્રાથમિક અર્થ નમસ્કારભાવનો નિર્દેશ કરે છે. જ્યારે માનવી શુદ્ધ આત્મતત્ત્વને સંપૂર્ણપણે ઓળખશે ત્યારે જ પોતે પોતાને ઓળખશે. માત્ર આત્મતત્ત્વની વાતોથી આત્મતત્ત્વ નહિ ઓળખાય.

આત્મતત્ત્વને ઓળખવાની ચાવી (Master Key) નમસ્કારભાવ છે. જ્ઞાન માત્ર પુસ્તકોના વાંચનથી બાહ્ય વિચારણા (Surface Thinking) થી કે કોરી તત્ત્વચર્ચાઓથી થતું નથી. જ્ઞાન નમસ્કારભાવથી પ્રાપ્ત થાય છે.

મિથ્યાત્વ અને અજ્ઞાનનો મળ નમસ્કારભાવથી જ કપાય છે. પોતાને સાચી રીતે ઓળખવા માટે અહંકારભાવ જવો જોઇએ. જ્યાં સુધી અહંકારભાવ છે, ત્યાં સુધી પોતાની કે અન્યની, કોઇ વસ્તુની કે ગુણની સાચી ઓળખ શક્ય જ નથી. જ્યાં સુધી અહંકારભાવ છે, ત્યાં સુધી આપણા વિચારોમાં સંતુલન (Judgement of Values) નથી. જ્યાં સુધી અહંકારભાવ છે, ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન નથી. નમસ્કારભાવવડે અહંકારભાવ જાય છે, તિરસ્કારભાવ જાય છે. નમસ્કારભાવ વડે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે છે.

'પોતાને ઓળખ' (Know Thyself) નું પૂર્વાર્ધ નવકાર છે, ઉત્તરાર્ધ સામાયિક છે. પ્રાથમિક ઓળખાણ, જાણપણું સમ્યગ્દર્શન-જ્ઞાન વડે છે, નવકાર વડે છે. પૂર્ણ જાણપણું સમર્પણભાવ પછીના તાદાત્મ્યભાવ વડે છે. સમ્યક્ ચારિત્ર વડે છે. સર્વવિરતિ સામાયિક વડે છે.

મિથ્યાત્વ ટળ્યા વિના આત્મતત્ત્વનો પરિચય થતો નથી. અવિરતિ ટળ્યા વિના આત્મતત્ત્વનો અનુભવ થતો નથી. નવકાર વડે મિથ્યાત્વ ટળે છે. સામાયિક વડે અવિરતિ ટળે છે. પોતાને ઓળખવા માટે નમસ્કારભાવ અનિવાર્ય છે. પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવા માટે સમત્વભાવ અનિવાર્ય છે.

□□□

## 'નવકારનો રણકાર' અંગે

## શ્રી જયંતભાઇ રાહીનો સંપર્ક

**'નવકારનો રણકાર'** અંગેની કોઇપણ વિગતો માટે, અનુદાન માટે, સમાચારો, પ્રસંગો કે લેખ સામગ્રી આપશ્રી **શ્રી જયંતભાઇ 'રાહી'**ને પણ પાઠવી શકો છો. તેમનો સંપર્ક નીચેના સરનામે કરી શકાશે.

**શ્રી જયંતભાઇ 'રાહી'**

**શ્રીપાલ, ફલેટ નં. ૪, છાયા સોસાયટી, ચેમ્બુર નાકા, એસ.ટી. રોડ, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.** ફોન : **૨૫૨૨૬૯૫૮, ૨૫૨૮૬૭૧૬**

### નવકારનો પ્રચંડ પ્રભાવ - અનુસંધાન ૧૪મા પાનાથી ચાલુ

જ કહેવાય જે ભૂખ શમાવે. એ જ રીતે સાચો ભાઇ તે જ ગણી શકાય, જે આફતમાં આવી પડેલા-પીડાયેલા પોતાના બંધુને ધીરજ આપે અને સાચો પુત્ર તે જ છે કે જે પિતાનો સાંસારિક સઘળો ભાર ઉતારી લઇ, આધ્યાત્મિક શાંતિ અર્થે નિવૃત્તિ સમર્પે. ઋષભદત્તે સાચાભાઇ તરીકેની સઘળી ફરજ અદા કરી, વૈદ્યોને બોલાવવા માણસો મોકલ્યા, ભાઇને હળવેથી પાટા-પીંડી કરતો કરતો કહેવા લાગ્યો.

'સહોદર! તને શું થાય છે, મારા સામું તો જો, હમણાં જ વૈદ્યો આવશે, તારી બધી જ વેદના મટાડી દેશે.' જિનદાસે ફરી આંખ ખોલી, વેદનાથી પીડાતો મંદ સ્વરે બોલવા લાગ્યો, ભાઇ! હું આપની ક્ષમા માગું છું હવે હું ઘડી બે ઘડીનો મહેમાન છું. મને જીવવાની જરાયે આશા નથી. વૈદ્યોનું કાંઇ પ્રયોજન નથી. હવે તો મને કાંઇક પરભવનું ભાથું આપો અને અનશન કરાવી, ધર્મોપદેશરૂપી અમૃતનું પાન કરાવો.

ઋષભદત્તે પણ પોતાના વ્હાલાબંધુની અંતિમપળ જાણી ભાવપૂર્વક નિર્યામણા કરાવવા માંડી. અરિહંતદેવ આદિનું શરણ સ્વીકારાવી, જીવનભરના પાપોની આલોચના કરાવી, દુશ્મનો પ્રત્યેનો પણ વૈરભાવ ત્યજાવી દીધો અને જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ ધારણ કરાવ્યો તથા એકાગ્ર મનથી શ્રી નમસ્કાર મહામંત્રનું મનોહર સ્વરે શ્રવણ કરાવવા માંડ્યું. જિનદાસે પણ આ અમૃતરસનું પાન સ્વસ્થ ચિત્તે કરવા માંડ્યું. ક્ષણવાર તો જાણે બધી વેદના વીસરી ગયો. શ્રી અરિહંત પરમાત્માનું હૃદયમાં રટણ કરવા લાગ્યો. આ રીતે પંડિત મરણની સાધના કરતા કરતા જિનદાસે અંતિમ શ્વાસ મૂક્યો. આંખના પલકારાથી પણ ઓછા સમયમાં જિનદાસના આત્માએ, આ માનવદેહ છોડી દિવ્યદેહ ધારણ કર્યો. પોતે જ સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિ ઉપર સૂતો હતો, તે પૃથ્વીના સર્વ છેડાઓ સુધીના સમગ્ર જંબૂદ્વીપનો અધિપતિ, અનાદત નામનો પરમ સમૃદ્ધિવાળો મહાન દેવ થયો.

ભગવાન્ શ્રી મહાવીરદેવે શ્રેણિક નરેશને ઉદ્દેશીને જણાવ્યું કે આ અનાદૃતદેવે, હમણાં જ્યારે સાંભળ્યું કે, આ વિદ્યુન્માલી મહર્દ્ધિકદેવ, સાત જ દિવસ બાદ, પોતાના ભાઇ ઋષભદત્તના પુત્ર તરીકે અવતરવાનો છે અને તે પરમ કેવલી શ્રી જંબૂસ્વામી થવાનો છે, ત્યારે પરમ હર્ષમાં આવી આ રીતે પોતાના કુળની મોટેથી પ્રશંસા કરવા લાગ્યો હતો. આ રીતે ભગવાનના શ્રીમુખે, અનાદતદેવના પૂર્વભવની હકીકત જાણી, શ્રેણિક રાજા પ્રમુખ સભાના સર્વજનો આશ્ચર્યમાં ગરકાવ બની ગયા અને શ્રી નમસ્કાર મહામંત્રના અદ્ભુત પ્રભાવના પ્રત્યક્ષ દર્શનથી ખૂબ ખૂબ અનુમોદના કરવા લાગ્યા. ધન્ય હો ઋષભદત્ત શેઠને, ધન્ય હો અનાદતદેવને, ધન્ય હો શ્રી જંબૂકુમારને, ધન્ય હો શ્રી નમસ્કાર મહામંત્રને!

□□□



# મંત્રધ્વનિની લહરીઓ

બાલચંદ હીરાચંદ

આપણે બોલીએ છીએ, વાંચીએ છીએ, સાંભળીએ છીએ તેમાં ધ્વનિની લહરો (Vibrations) તો હોય છે જ. પણ એ કંપ કે લહેરીઓ આપણા જીવન ઉપર મર્યાદિત પરિણામ ઉપજાવે છે. કોઇ રાજકારણી વક્તા આવેશમાં એવું ભાષણ કરે છે કે, તેના ભાષણથી લોકભાવના અત્યંત પ્રજ્વલિત થઇ જાય છે અને લોકક્ષોભ અકસ્માત જાગૃત થઇ જાય છે અને અનેક અણધારેલી ઘટનાઓ જગતમાં જોવા મળે છે. કોઇ ધર્મકારણી વક્તા પણ પોતાના સુંદર વક્તવ્યથી અનેકોને સંસારથી વિમુખ કરી મૂકે છે અને વૈરાગ્યની ભાવના જાજવલ્યમાન કરી મૂકે છે. એમાં મુખ્યત્વે કરી શબ્દરચના, વક્તાની શુદ્ધ બુદ્ધિ અને ભાવના પ્રદિપ્ત કરવાની કુશલતા એ મુખ્ય હોય છે. જેમ દીવાસળી ચાંપવાથી પ્રાય ઘાસનો ઢગલો ભસ્મીભૂત થઇ જાય છે. તેમ અંધારામાં પ્રકાશ પણ પાથરી શકાય છે અને તેથી ખાડા ટેકરા કે વિઘ્નો જોઇ શકાય છે અને તેમાંથી માર્ગ શોધી શકાય છે. એની ધ્વનિ લહરીઓ આપણી આંખે જોઇ શકાતી નથી. માટે એ નથી જ એમ આપણાથી કેમ કહી શકાય? કારણ કે તેના પરિણામે પ્રત્યક્ષ આપણે જોઇ શકીએ છીએ. અને અનુભવી પણ શકીએ છીએ. વસ્તુ આંખેથી જોઇએ તો જ માનીએ એવો આગ્રહ ખોટો છે.

મંત્રોમાં જે શબ્દરચના હોય છે તેમાં સામાન્ય શબ્દો કરતા વિશિષ્ટ પ્રકારની ગોઠવણ હોય છે. ઉપલક દૃષ્ટિથી જોતાં તેમાં એવું કાંઇ હશે એવી કલ્પના આવી શકતી નથી. પણ જ્ઞાનીઓ તેમાં અસામાન્ય અને અદ્‌ભુત શક્તિ જોઇ અને અનુભવી શકે છે. એ મંત્રની રચનામાં અમુક જાતની સ્વર લહરીઓ ગોઠવેલી હોય છે અને તે લહરીઓ અત્યંત ઊંચે પહોંચી જાય છે અને અત્યંત મોટા ક્ષેત્ર ઉપર તેના પરિણામો પહોંચાડી શકે છે. એ લહરીઓની પ્રક્રિયા સુલભ થાય તે માટે પ્રાર્થના સ્થાનોનું શિખર ઉર્ધ્વગામી અણીઆળા શિખરવાળું એટલે કળશનું બનેલું હોય છે. મંદિર કે મસ્જીદ અને દેવળ જેવા મકાનોની રચના ઉર્ધ્વ ટોચવાળી હોય છે, એનો ઉદ્દેશ પણ એવો જ હોય એમ જોવામાં આવે છે.

ચૌદપૂર્વનું જ્ઞાન પ્રાયઃ મશીથી પણ લખાય નહીં, એવું શાસ્ત્રકારો જણાવે છે અને સાથે સાથે એ બધાઓમાંથી સારભૂત વસ્તુ શોધી કાઢી એક નવકાર જેવા મંત્રમાં સમાઇ ગઇ છે એવું પણ કહે છે. એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, વટવૃક્ષનું બીજ અત્યંત નાના અણુ જેટલું હોય છે, છતાં એમાં આખો વટવૃક્ષ સમાયેલો છે એમ કહેવું બરાબર સુસંગત અને સત્ય જ છે. ત્યારે આપણી અલ્પમતિ અનુસાર એ વસ્તુ આકલન નહીં કરી શકીએ, પણ જ્ઞાની અને અનુભવી સંતો જ્યારે વારંવાર ઉચ્ચ સ્વરે પોકારીને કહે છે ત્યારે, એમાં સત્ય છે જ એમ કહેવામાં અને માનવામાં આપણને હરકત શા માટે હોઇ શકે? દરેક વસ્તુ અમારી બુદ્ધિના ક્ષેત્રમાં સમાઇ જાય અને અમો સમજીએ તો જ માનીએ એવો આગ્રહ કેમ રાખી શકાય? જગતમાં એવી હજારો ઘટનાઓ નિત્ય જોવામાં આવે છે કે જેનો કાર્યકારણભાવ આપણે પૂરેપૂરો જાણતા નહીં હોવા છતાં તેના તંત્રજ્ઞો અને મંત્રજ્ઞો ઉપર ભરોસો રાખી તેને સત્ય અને સુસંગત તરીકે સ્વીકારીએ છીએ, ત્યારે નવકારમંત્રના ગૌરવમાં આપણે જ્ઞાનીઓ ઉપર નિરપવાદપણે ભરોસો રાખવો જ રહ્યો. જ્યારે જ્ઞાનીઓ નવકારમંત્રને સકળ શાસ્ત્રોમાં ઊંચુ અને આદિ મંગલરૂપી કલ્યાણકારી સ્થાન આપે છે, ત્યારે તેમાં એવી જ અગાધ શક્તિ હોવી જોઇએ એ ફલિત થાય છે.

કોઇપણ વ્યક્તિ જ્યારે નવકારમંત્રના શબ્દસમૂહનો ઉચ્ચાર કરે છે ત્યારે ભલે તે વ્યક્તિ તેનો અર્થ નહીં સમજતો હોય છતાં તેની ધ્વનિ લહરીઓ આકાશમાં પ્રસૃત તો થાય છે જ. અને એ મંત્રરાજમાં એવી અપાર શક્તિ છે કે, તેની લહેરો આંદોલનો દ્વારા લોકાંત સુધી પહોંચી જાય છે. જેમ કોઇ મોટા પાણીથી ભરેલા ઘડામાં સાકરનો એક કણીઓ નાખે છે ત્યારે તે આખા ઘડામાં પાણી સાથે એકરૂપ થઇ જાય છે અને પોતાનું ભલે અત્યલ્પ પણ કાર્ય કરી જ નાખે છે. અથવા એવા જ પાણીના ઘડામાં એકાદ રંગનું ટીપું નાખે તો તે આખા ઘડાનું પાણી તે રંગના વર્ણથી કલુષિત થઇ જાય છે. વધારે સ્પષ્ટતા માટે એવા જ ઘડામાં ઝેરનો એક છાંટો પણ પડી જાય તો તે આખા ઘડાનું પાણી દૂષિત અને અપેય થઇ ગયેલું આપણે માનીએ છીએ. ધ્વનિની લહરીઓનો એવો ધર્મ છે કે, તે ઉત્પન્ન થયા પછી આખા આકાશ પ્રદેશોને સ્પર્શી જાય છે અને ઇષ્ટ કે અનિષ્ટ પરિણામ નીપજાવી જાય છે. જેમ નવકારમંત્ર સુસંવાદી, શ્રેયસ્ વાતાવરણ બનાવી શકે છે, તેમ કલહ, કંકાસ, ક્રોધ, માન, માયા અને લોભ જેવા વિકારી વિસંવાદી શબ્દસમૂહની લહરીઓ પણ પોતાનું કાર્ય કરે જ જાય છે. જ્યારે આપણે જગતમાં પાપ વધ્યું છે એમ કહીએ છીએ ત્યારે એનો એ અર્થ થાય છે કે, વિસંવાદી કલુષિત અણુઓનું જોર વધી ગયું છે. પેલા પાણીથી ભરેલા ઘડાનું દૃષ્ટાંત કરી લઇએ. એ ઘડામાં દરેક માણસ પોતાની પાસે રહેલા દરેક રંગનું ટીપું નાખે જાય, તેમ દરેક રસનું ટીપું બીજા પણ માણસો નાખે જાય, પછી સરવાળે એ ઘડાના પાણીનું પરિમાણ રૂપ, રંગ અને સ્વાદમાં કેવું જણાય? જે રંગનું પ્રાબલ્ય વધુ થયેલું હશે તેવા રંગની છટા તેમાં વધુ જણાશે અને જે રસ વધુ પ્રમાણમાં તેમાં મળી ગયો હશે તેનો જ સ્વાદ તેમાં વધુ જામી ગયેલો હશે. તેથી જ નવકારમંત્રની સંખ્યાનું મહત્ત્વ પ્રતીત થાય છે. જે

વ્યક્તિ એ મંત્રનો સતત ઉચ્ચાર કરતો રહે છે તેની આસપાસનું કલુષિત વાતાવરણ દૂર થતું જાય છે અને આત્માને અનુકૂળ સુસંવાદી વાતાવરણ જામતું જાય છે. તેને લીધે તેની ઐહિક સુખ સગવડો અને શાંતિ કાયમ ટકી રહે છે. દુઃખ હોય તે દૂર થઇ જાય છે અને આનંદ-મંગલ વર્તે છે. એટલે સતત ગમે એવી અવસ્થામાં પણ નવકારમંત્રનો જાપ એ આનંદકારી જ નીવડી શકે છે. જ્યારે જો આપણે વિધિપૂર્વક એકાંતમાં આસન ઉપર બેસી મંત્રજાપ કરતા રહીએ તો તેથી તેનું સારું પરિણામ આવે એ સ્પષ્ટ છે. ધ્વનિ લહરીઓનું કાર્ય કેવું ચાલે છે એ જોવું હોય ત્યારે આપણે એક પ્રયોગ કરી જોવાથી એ અનુભવમાં આવે તેમ છે.

એક ઓરડામાં ઘણી વીણાઓને એક જ સ્વરમાં મેળવી મૂકેલી હોય અને ત્યાં એક વીણાવાદક પોતાની વીણા ઉપર એક રાગ વગાડે ત્યારે બધી વીણા ઉપર તે જ સ્વરલહરીઓ વાગવા માંડે છે. જાણે બધી વીણાઓનો સ્નેહ હોય તેમ સરખી જ સુસંવાદી સ્વર લહરીઓને તે સાથ આપે છે. આપણે આધુનિક રેડીઓમાં ગમે ત્યાંની સ્વરલહરીઓ પકડીને સાંભળી શકીએ છીએ. એ ઉપરથી જોઇ શકાય છે કે, ધ્વનિ પોતાની આસપાસનું વાતાવરણ સ્વરમય કરી રહેલ હોય છે. ફક્ત તે દૂર સુધી પહોંચાડવાનું કે સાંભળવાનું સાધન આપણી પાસે નથી હોતું તેટલી જ ખામી હોય છે. ત્યારે લોકાંત સુધી આપણા મંત્રોચ્ચારની લહરીઓ પહોંચી જાય છે એ શાસ્ત્રવચન સુસંગત છે એમ સિદ્ધ થાય છે.

બીજો પણ એક પ્રયોગ કરી જોવા લાયક છે. એક ટેબલ ઉપર એક ઘોડી મૂકી તેની ઉપર કાચનું એક પાટીયું મૂકવામાં આવે. તેની ઉપર અતિ ઝીણી રેતી સરખી રીતે પાથરવામાં આવે અને પછી ફીડલ કે સારંગીની ધનુકલી કાચની એક બાજુ પર કોઇ સંગીતકાર એકાદ રાગ કે રાગિણી વગાડે ત્યારે પેલી રેતી ઉપર અનેક જાતની પુષ્પાકૃતિઓ તૈયાર થતી જાય છે અને જે બધી સરખી અને સુંદર જોવામાં આવે છે કે તે જોઇ આપણે આશ્ચર્યમાં પડી જઇએ છીએ.

આવો પ્રયોગ સિદ્ધ કરી બતાવે છે કે, ધ્વનિની લહરીઓ ઘણું સુંદર કાર્ય કરતી રહે છે અને તે કાર્ય અખંડિત રીતે ચાલતું જ હોય છે. માટે જ શ્રી નવકારના ઉચ્ચારણનું કાર્ય જો અવિરત રીતે ચાલુ રાખીએ તો તેથી આપણા આત્માને તો ગુણ થવાનો જ પણ સાથે સાથે જગતના વાતાવરણમાં પણ અનુકૂળ સ્વર લહરીઓ ઉમેરી જગતના સુખ સમાધાનમાં ઉમેરો કરવાના જ એ ધ્યાનમાં રાખવું જોઇએ. આપણા આવા અલ્પ પ્રયત્નથી પણ આપણે પરોપકારનું કાર્ય કરી જતા હોઇએ તો તે કાં ન કરીએ?

આપણે અત્યાર સુધી સ્વરોચ્ચારના પરિણામોનો વિચાર કરી ગયા. પણ એકાદ બંધ ઓરડામાં છાનામાના એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યા વગર મનમાં ને મનમાં કાઉસગ્ગ ધ્યાનમાં જે જાપ કરીએ તેનું શું? ધ્વનિ લહેરો સમજાય તેમ છે, પણ મુંગે મોઢે ધ્વનિ લહેરો શી રીતે ઉત્પન્ન થતી હશે? એ એક પ્રશ્ન છે અને તેનો જવાબ પણ આપણે મેળવી લેવો જોઇએ.

પદાર્થ જેમ જેમ વધારે ઘન અને ભારે હોય છે. તેમ તેમ તેની ગતિ મંદ મંદ હોય છે. પણ પદાર્થ જેમ જેમ વધુ વિરલ અને હલકો હોય છે તેમ તેમ તે વધુ વેગ મેળવી શકે છે. વરાળ કે ધુમાડાના અણુઓ વિરલ હોવાથી તે વધુ ને વધુ ઉર્ધ્વ ગતિ ધારણ કરી શકે છે. અણુ અત્યંત નાનો હોય છે. એનું વિભાજન એકાએક થતું નથી. પણ જ્યારે તેનું વિભાજન કરવામાં આવે છે ત્યારે તે કેવી અસાધારણ અને પ્રચંડ શક્તિ ધારણ કરી શકે છે તે તે આધુનિક વિજ્ઞાને આપણને પ્રત્યક્ષ બતાવી આપ્યું છે.

જ્યારે આપણે કાઉસગ્ગમાં હોઇએ ત્યારે બાહ્ય ઇંદ્રિયોના બધા વ્યાપાર સ્થગિત કરી દઇએ છીએ. અને ફક્ત મનને છૂટું રાખીએ છીએ. મનોવર્ગણાના પુદ્‌ગલો કેટલા સૂક્ષ્મ હોય છે એની આપણે આછી કલ્પના કરી શકીએ છીએ. તેમ જ મન કેટલા વેગથી દોડી શકે છે એ પણ આપણે અંશતઃ જાણીએ છીએ. મન અતિ પ્રચંડ વેગથી અનાકલનીય સ્થળે ક્ષણવારમાં ફરી આવે છે. તેથી જ તેને ચંચલ એવા વાંદરાની ઉપમા આપવામાં આવે છે. છતાં એ ઉપમા તો અપૂર્ણ જ છે. કદાચ વાયુની ઉપમા મન સાથે ઘટાવીએ તો પણ તે ટુંકી જ પુરવાર થાય. એ ઉપરથી આપણે કાઉસગ્ગમાં જે મૂક રીતે નવકાર મહામંત્રનો ઉચ્ચાર કરીએ તેનો વેગ કેટલો હોઇ શકે એ આપણી ટુંકી બુદ્ધિને અગમ્ય લાગે એ સ્વાભાવિક છે. મંત્રનો ઇંદ્રિયગમ્ય ઉચ્ચાર કરીએ અને તેની લહેરો જેટલી વારમાં લોકાંતમાં પહોંચી શકે તેના કરોડો ગણા વધુ વેગથી મૂક મંત્રોચ્ચાર ત્યાં પહોંચી શકે છે. યોગી મહાત્મા ગિરિકંદરામાં નિર્જન પ્રદેશમાં જઇ ધ્યાન-ધારણા કરે છે તેનું પરિણામ આખા જગત ઉપર ક્ષણવારમાં થઇ જાય છે અને આખું વાતાવરણ સુસંવાદી અને હિતકારી પ્રવૃત્તિ આદરવા લાયક બની જાય છે. લાખો અને કરોડો માણસોના મન ઉપર તેની ઉંડી અસર પહોંચી જાય છે. સાથે વિપરીત અને વિસંવાદી અણુઓનું જોર વધી ગયેલું હોય ત્યારે મંત્રશક્તિને તે અવરોધ પણ કરે છે. આટલા બધા અનુષ્ઠાનો અને ક્રિયાકાંડો કરવા છતાં આપણે તેનું ઉંચું પરિણામ કેમ ઉપજાવી શક્યા નથી? એવો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તેનો ઉકેલ ઉપલા વિવેચન ઉપરથી મળી શકે તેમ છે. તે માટે જ સંત મહાત્મા કે શુદ્ધ બુદ્ધિવાળા માણસમાં એવી **'સવિ જીવ કરું શાસનરસી'** વાળી ઊર્મિ જાગે છે ત્યારે તેઓ પોતાનું આખું જીવન શ્રી નવકાર મહામંત્રમય કરી નાખે છે. જગતમાં જ્યારે અનિચ્છનીય પ્રવાહો જોર પકડે છે ત્યારે એવા મહામના સંત પુરુષો જાગે છે જ. અને જગતને ફરી ઠેકાણે લાવવાનો પ્રયત્ન કરતા જ હોય છે. હાલનું જગતનું કલુષિત વાતાવરણ એવા યોગીઓ જગતમાં જાગે તે માટે તલસી રહ્યું છે. તેમાં આપણે દરેકે યથાશક્તિ અવશ્ય ભાગ ભજવવો જોઇએ. અને એવા મહાન તપસ્વી યોગીનો માર્ગ સુલભ અને નિષ્કંટક કરવા પ્રયત્ન કરવો જોઇએ.

ગમે તે કારણે પણ શ્રી નવકાર મહામંત્રનો જાપ જેમ બને તેમ વધુ, કેવળ નિર્મમ અને નિષ્કામ બુદ્ધિથી કરતા રહીએ એ આપણી ફરજ છે. એ બુદ્ધિ સહુ લોકમાં જાગે એ જ શુભેચ્છા.

□□□



# નવકાર મંત્રનો પ્રચંડ પ્રભાવ

સંકલન : હંસા રમેશ મહેતા (નવી મુંબઇ)

## શ્રી નવકાર પ્રભાવદર્શક અદ્ભુત કથાનક

મણિરત્ન

મગધનરેશ શ્રી શ્રેણિકમહારાજાએ ભગવાન શ્રી મહાવીરસ્વામીને પૂછ્યું, ભગવન્! આપના શાસનમાં અંતિમ કેવળજ્ઞાની કોણ થશે? ભગવાને અંગુલી નિર્દેશપૂર્વક જણાવ્યું 'જો આ પાંચમા દેવલોકનો ઇન્દ્રની સમાન ઋદ્ધિવાળો વિદ્યુન્માલી નામનો દેવ સામે બેઠો છે, તે આજથી સાતમે દિવસે સ્વર્ગથી ચ્યવી, તારા નગરમાં ઋષભદત્ત શેઠનો પુત્ર થશે અને તે જંબૂસ્વામી નામના ચરમ (છેલ્લા) કેવળજ્ઞાની થશે.'

ભગવાનનો આ પ્રત્યુત્તર સાંભળતાં જ, સમવસરણમાં બેઠેલો જંબૂદ્વીપનો અધિપતિ, અનાદત નામનો દેવ, એકદમ હર્ષમાં આવીને મોટા અવાજથી બોલ્યો, 'અહો મારું કુળ ઘણું ઊંચું છે.'

શ્રેણિકરાજાને વળી અતિ આશ્ચર્ય થયું, હાથ જોડીને ફરીથી ભગવાનને પૂછ્યું, ભગવન્! શાથી આ દેવ આ પ્રમાણે પોતાની કુળની અતિ પ્રશંસા કરે છે? સર્વજ્ઞદેવે ખુલાસો કર્યો, રાજન્! સાંભળ :

આ રાજગૃહી નગરમાં ગુપ્તમતિ નામના સુપ્રસિદ્ધ શેઠ હતા. તેમને ઋષભદત્ત અને જિનદાસ નામના બે પુત્રો થયા. આશ્ચર્યની વાત તો એ હતી કે એક જ પિતાના પુત્રો હોવા છતાં બંનેમાં આકાશ-જમીનનું અંતર હતું, ઋષભદત્ત ગુણનો ભંડાર હતો ત્યારે જિનદાસ દોષનો ભંડાર હતો. ક્રમે કરીને પિતાના પરલોકગમન બાદ જિનદાસ વ્યસનોમાં ખૂબ જ આગળ વધ્યો, નિરંકુશવૃત્તિએ જુગાર ખેલવા લાગ્યો અને સ્વચ્છંદપણે સઘળા અનીતિના માર્ગે ધસવા લાગ્યો.

જગતમાં આ એક જુગારની બદી, એવી ભયંકર છે કે તેનાથી ભલભલા પાયમાલ થઇ ગયા છે, વર્તમાનકાળમાં તો ધર્મને નહિ પામેલા વર્ગમાં આ બદીથી કોણ બચેલો છે, તે શોધ્યો જડવો મુશ્કેલ છે. મોટા શ્રીમંત ગણાતાઓ પણ 'અમે તો માત્ર શોખની ખાતર રમીએ છીએ' એમ મનને મનાવી આ ભયંકર બદીના પાશમાં સપડાયેલા હોય છે.

સર્વ પ્રકારે પાયમાલીને પંથે ચઢી ગયેલો જિનદાસ, સમજાવટને ન ગણકારતાં ઉદ્ધત થઇ ગયો ત્યારે, મોટા ભાઇ ઋષભદત્તે, સઘળા સ્વજનો અને વડીલોને બોલાવી, બધાની સાક્ષીપૂર્વક તે દુરાચારી ભાઇનો સંબંધ સર્વથા તોડી નાખ્યો અને જણાવ્યું કે, આજથી હું ભાઇ વિનાનો જ છું એમ સમજજો. ત્યારબાદ તે દુરાચારીને હડકાયા કુતરાની જેમ ઘરમાં પણ પ્રવેશવા દેતો નહિ. કેટલાક દિવસો બાદ, જુગારમાં આબાદ સપડાયેલો જિનદાસ, ઘણું ધન ખોઇ બેઠો, લેણદારોને આપવા કાણી કોડી પણ પાસે રહી નથી, ભાઇ તો પાઇ પણ આપે તેમ નથી. સંબંધીઓ પણ કોઇ સામું જુએ તેમ નથી, આ દશામાં જુગારીઓ સાથે તેને ભારે ઝગડો થયો, કોઇકે તીક્ષ્ણ હથિયારથી તેના ઉપર હુમલો કર્યો અને પેટમાં ભયંકર ઘા કર્યો. લથડીયા ખાતો ખાતો જિનદાસ, ઘાયલ થઇને જમીન પર પડ્યો, ક્રોધથી લાલચોળ આંખો વડે ઘા કરનાર સામું ટગર-ટગર જોવા લાગ્યો. બોર બોર જેવડા આંસુ સરી પડવા લાગ્યા અને વેદનાની કારમી ચીસો નાખવા લાગ્યો.

વાયુવેગે આ વાત નગરમાં ફેલાઇ ગઇ. કેટલાક સંબંધીઓએ ઋષભદત્તને આ સમાચાર આપ્યા. આઘાતજનક આ સમાચાર સાંભળી કરુણાથી પીગળતા હૃદયવાળો ઋષભદત્ત તરત જ તે સ્થળે આવ્યો. લોહી દદડતા દેહવાળા, બેફામ પડેલા પોતાના નાના બંધુને જોતાં જ, ઋષભદત્ત આંચકો ખાઇને, તમ્મર આવવાથી ત્યાં જ બેસી પડ્યો.

જરા સ્વસ્થ થઇને ભાઇનું માથું પોતાના ખોળામાં મૂકી, માથે હાથ ફેરવતાં, ઋષભદત્ત કહેવા લાગ્યો, ભાઇ! તું જરા પણ ગભરાઇશ નહિ. હું સારામાં સારા ઘા રૂઝવનારા ઉપચારકોને બોલાવી તને સાવ સાજો બનાવી દઇશ. તું જરાય મુંઝાઇશ નહિ, હું તને બધી રીતે સારો કરી દઇશ. અમૃત જેવા આ વચનો સાંભળી બેફામ પડેલા જિનદાસે જરા આંખ ખોલી જોયું તો પોતાના મોટાભાઇને પોતાની શુશ્રૂષા કરતા જોયા. શરમ અને આભારના ભારથી તેની આંખો ફરીથી મીંચાઇ ગઇ.

ઘણું મોટું ભાગ્ય હોય તેને જ આવા શ્રેષ્ઠ અને ગુણીયલ ભાઇ મળે છે. કહ્યું છે કે-

**तज्जलं यत्तृषां छिन्द्यात्, तदन्नं यद्क्षुधापहम् ।**
**वन्धुर्यो धीरयत्यार्तं, सुपुत्रो यत्र निर्वृत्तिः ।।**

વાસ્તવિક જળ તે કહેવા, જે તૃષાને છેદે-તરસ છીપાવે. અન્ન તે

(અનુસંધાન ૧૧મા પાને)




# माया दुर्गति कारणम्

## પૂ. આચાર્યદેવ શ્રી યશોવર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ

**ભગવાનના મંદિરમાં ચપટી ચોખા ચાલે પણ... કપટી માણસ ન ચાલે.** સીધા માણસો સીધા પ્રભુ પાસે પહોંચતા હોય છે. પ્રભુ પાસે પહોંચવા માયા-પ્રપંચ, કૂડ-કપટ આડખીલી છે. જે પ્રભુ પાસે પહોંચતા અટકાવે છે. જૈન દર્શનમાં... માયાને પાપનું પ્રવેશદ્વાર કહ્યું છે. અને આ પ્રવેશદ્વારથી સાતમી નરક સુધી જીવને ખેંચી જાય એવા પાપો પ્રવેશે છે. એથી'યે આગળ અનંતકાલીન નિગોદની અતિભયંકર રીબામણ-વેદના આ માયા આપી જાય છે. માટે જ.. શાસ્ત્રોમાં લખ્યું .. 'માયા દુર્ગતિ કારણમ્' માયા દુર્ગતિનું કારણ છે. દુર્ગતિમાં લઇ જનાર માયા દુર્ગતિ છે. આ દુર્ગતિનો જે ભોગ બને છે, તેની ભાગ્યદશા પરવારે છે.

પરમાત્મા મહાવીર પ્રભુના સમવસરણમાં બનેલી ઘટના. માયાના નુકશાનને જણાવવા પૂરતી છે. એક મહાજ્ઞાની સાધ્વીજી મહારાજે પ્રભુના સમવસરણમાં પ્રશ્ન કર્યો કે પ્રભુ! કોઇના મનમાં એવો વિચાર આવે કે તીર્થંકર પરમાત્મા તો નિર્વેદી છે, વીતરાગી છે.. એમને કામની વેદના કેટલી ભારે છે એ કેમ ખબર પડે? એમણે સર્વથા ને સર્વાંશે એનો નિષેધ કર્યો.. થોડીક Softness રાખવી જોઇએ. ને **લક્ષ્મણા** સાધ્વીજી અટક્યા ને બોલ્યા પ્રભુ! આવો વિચાર જે કરે તેને શું પ્રાયશ્ચિત આવે?

કરૂણાસભર નજરે પરમાત્માએ ફરમાવ્યું- લક્ષ્મણા! જે આત્મા આવો વિચાર કરે તેને મોટું પ્રાયશ્ચિત આવે અને પ્રભુએ પ્રાયશ્ચિત ફરમાવ્યું. લક્ષ્મણા સાધ્વીજીએ પ્રભુએ કહેલું પ્રાયશ્ચિત બરાબર ધારી લીધું અને વળતે દિ'થી જ એમણે પ્રાયશ્ચિત કરવાનું શરૂ કરી દીધું. અને દિવસો અને મહિનાઓના ઉગ્રતપ કરી એમણે પ્રાયશ્ચિત પૂર્ણ કર્યું. પણ શાસ્ત્રમાં નોંધ લખાઇ છે કે એ કઠીન ભારે પ્રાયશ્ચિત માયા સાથે લીધું હતું. આ વિચાર એમને પોતાને જ આવેલો. પણ મને આ વિચાર આવ્યો છે. એનું પ્રાયશ્ચિત પ્રભુ આપો એમ કહે તો.. મારું લોકોમાં નામ ખરાબ થાય. મારે માટે લોકો કેવું વિચારે? એટલે સાધ્વી લક્ષ્મણાજીએ બીજાના નામે કોઇને આવો વિચાર આવે તો શું પ્રાયશ્ચિત? એવું માયાથી પ્રભુ પાસે બોલ્યા. પરિણામે પ્રાયશ્ચિત નિષ્ફળ ગયું ને આ માયાના પ્રતાપે સાધ્વીજીનું ભવભ્રમણ ભયંકર રીતે વધી ગયું. એમના ભવોના ભવો વધી ગયા. એક માત્ર માયાના કારણે કરેલો તપ-જપ તો Fail ગયો. પણ સંસાર વધ્યો તે નફામાં.

**૧૮ પાપસ્થાનકની સજ્ઝાયમાં લખ્યું છે કે..** માયાથી કરેલા તપ-જપ ઉંધા ફળ આપનારા બને છે. **'પાપ સ્થાનક આઠમું કહ્યું સુણો સંતાજી, છોડો માયા મૂલ ગુણવંતાજી, કષ્ટ કરે વ્રત આદરે સુણો સંતાજી,** માયાની આ દુષ્ટતા છે કે.. મોક્ષ આપી શકનારાને કર્મ નિર્જરાના અમોઘ વ્રતો પણ સંસાર વધારનારા બનાવી દે છે. માટે જ.. **જે બનો તે સાચા બનો. માયા અને પ્રપંચ કરી મેળવવા કરતાં ગુમાવવાનું વધારે જ આવે છે.** પણ... માયાની ટેવ છૂટવી ખૂબ કઠિન છે.

હમણાં જ એક વાત જાણી. થોડા વખત પહેલાં બોમ્બે હોસ્પિટલમાં એક શ્રીમંત શેઠને એડમીટ કરેલા. કરોડોની સંપત્તિ ધરાવનારા આ શેઠના સગા સ્વજનો દૂરથી સલામ જેવો વ્યવહાર કરતા. સગી પત્ની પણ પાસે આવવાનું ટાળતી. મરણ બિછાને પડેલા એમની આંખમાં આ બધું જોઇ આંસુઓ ધસી આવતા. પણ To much late ખૂબ મોડું થઇ ગયું હતું. દરેક જોડે એ પોલીટીક્સ રમ્યા હતા. દરેકે જોડે માયા પ્રપંચ કર્યા હતા ને ખૂબ ભેગું કર્યું હતું. રે! સગી પત્ની જોડે પણ એમણે કૂડ-કપટ ને માયા કરી હતી. બધાને ધીરે ધીરે આ ખબર પડી હતી. અને એટલે જે.. **એમનો પરિવાર હતો છતાં પરિવાર એમનો નો'તો બધા સાથે રહેતા હતા, સંગાથે નહિ. બધા પાસે હતા.. છતાં દૂર હતા. મકાન એક હતું મન અનેક હતા.**

દશવૈકાલિક સૂત્રમાં અદ્ભૂત પંક્તિ ધૂરંધર આચાર્યશ્રી શય્યંભવસૂરિ મ. જે લખી છે. **'माया मित्ताणी नासेइ'** માયા મિત્રતાનો, મૈત્રીનો નાશ કરે છે. વર્ષો જૂના સંબંધો માયા ક્ષણવારમાં ભસ્મીભૂત કરી શકે છે. અરે! ક્યારેક તો એકબીજાના દુશ્મન પણ બનાવી દે છે માયા.

**વાલકેશ્વરની એક ઘટના..** થોડાક જ ફેરફાર સાથે. ધર્મિષ્ઠ પરિવાર છે. પરિવારમાંથી દીક્ષા પણ થઇ છે, ખૂબ સુખી છે. એક દિવસ ઘરમાં ખબર પડી કે બહેને બેંકમાં જૂદું ખાતું ખોલાવ્યું છે. અને એ એમાં સારા એવા પૈસા ભરે છે. અત્યાર સુધી ઘરમાં જે પણ સેલેરી કે શેરબજારની કમાણી આવતી તે પપ્પાના હાથમાં મૂકાતી ને પપ્પા જ વહીવટ કરતા. આ બાબતે ક્યારેય કોઇ ચર્ચા મનદુઃખ કે વાંધો પડ્યો નો'તો અને અચાનક જ આવું થતાં આખું ઘર અપસેટ થઇ ગયું. બેનને પૂછ્યું એણે વાત ઉડાડી દીધી. વાલકેશ્વરની દરિયાઇ હવા દિલને દરિયાવ ન બનાવી શકી ને આજની તારીખે એક જ

ઘરમાં બોલવા ચાલવાના વ્યવહારો સદંતર બંધ થઇ ગયા.

આ લખતો હતો ત્યારે જ બે પરિચિત બહેનો આવ્યા. મને કહે ગુરૂદેવ! અમારા બે ભાઇઓ જુદા થઇ ગયા. એકબીજા જોડે બોલવાના વ્યવહાર બંધ છે. અમારી મમ્મી રડે છે ને કહે 'આ ઉંમરે મારે આ જોવાનું.' અમે બંને ભાઇઓને સમજાવ્યા એકે સમજવા તૈયાર નથી. અને એક ભાઇ તો કહે છે હું એનું મોઢું પણ નહિ જોવુ. સાહેબજી! તમે કંઇક સમજાવો. મે કહ્યું થયું શું કે આટલો બધો દ્વેષ અને ક્રોધ જાગ્યો. એ બંને બેને કહ્યું : સાહેબજી! એક ભાઇએ ઘણું દબાવી દીધું ને બીજાને મામૂલી પૈસા આપી છૂટો કરી દીધો. કંઇક (નામ ખોટું લખું છું.) વાત આવી છે. સંજયે... રાજુને કહ્યું 'ભલે આપણે છૂટા પડીએ પણ.. ભાગ તો સરખા પાડ.' રાજુ કહે 'ભાગની વાત જ ક્યાં છે. તું તો ૨૨ વર્ષથી મારે ત્યાં નોકરી કરે છે. તારા પગાર કરતાં કંઇ ગણું તને આપ્યું અને જો તું કોર્ટમાં જઇશ તો'ય કંઇ વળશે નહિ. કેમકે તારા નામ પર કશું જ છે નહિ. બધું જ મારા ને મારી પત્નીના નામે છે. મેં બધે જ તારી સહી કરાવી લીધી છે. આટલામાં સંતોષ માન.'

બે બહેનો ખૂબ રડી ને જતા જતા કહે, સાહેબજી! આપ બોલાવીને સમજાવો. અમારી મમ્મી રડે છે તે અમારાથી નથી જોવાતું. સગા બે ભાઇ આજે દુશ્મન બની બેઠા. સંજય કહે 'રાજુ ને જોઇએ તો બધું લઇ લે. પણ આવી ચાલબાજી, આવો દગો, આવા પ્રપંચ શા માટે? મરી જઇશ પણ એને બરબાદ કરીશ, એનું મોઢું નહિ જોઉં. મારે માટે એ મરી ગયો છે.' આજે બે ઘંટીના પડિયા વચ્ચે બાજરી બની બા પીસાય છે. માયા સગા માડી જાયા ને દુશ્મન બનાવી ગઇ. માડી જાયા તો દુશ્મન બન્યા જ પણ પરિવારના વહુ દિકરાઓ પણ એકબીજાના વૈરી બની ગયા માત્રને માત્ર માયાના કારણે.

જૈન આગમોએ માયાને આઠમું પાપસ્થાનક કહ્યું છે. ૧૮ પાપસ્થાનકમાં માયાનો નંબર ૮મો છે ને યોગશાસ્ત્રમાં ત્યાં સુધી લખ્યું કે

**असूनृतस्य जननी, परशुः शीलशाखिनः ।**

**जन्मभूमिरविद्यानां, माया दुर्गतिकारणम् ।।**

અસત્યની માડી છે, શીલને કાપનાર કુહાડી છે, ને અવિદ્યાની જન્મભૂમિ ને દુર્ગતિની ખાડી છે. આવી માયા ક્ષણભર પણ સેવવા જેવી નથી. **ક્ષણભરની માયા જીવનભર દુઃખી કરી શકે છે.**

અંજનાસુંદરીની કથા સાક્ષી પૂરે છે. માયાની ભયાનકતાની. અંજના સુંદરી મહાસતી મહાપૂણ્યવતી એમના પુત્રને પતિ એ જ ભવમાં સિદ્ધિગતિને વર્યા. હનુમાનજીની માતાના જીવનમાં બાર વરસ જે કલંક સાથે પતિનો વિયોગ લખાયો એના મૂળમાં આ માયા જ હતી. અફાટ સંપત્તિ સ્વામિની હતી. રૂપરાશી હતી ને એની સેવામાં અનેક દાસ-દાસી હતા. એક દિવસ પોતાની શોક્યની ઈર્ષા જાગીને એમણે એની મૂર્તિ સંતાડી દીધી. શૌક્ય ખૂબ દુઃખી થઇ એ ખૂબ રડી, ચાલાક અંજના સુંદરીએ એને ખૂબ આશ્વાસન આપ્યું ને પોતે'ય મૂર્તિની શોધમાં સામેલ થઇ. સંતાડનારી પોતે જ શોધે તો ક્યાંથી મલે. પણ છેલ્લે શૌક્યના આંસુએ અંજનાને પીગળાવી દીધીને પછી અંજનાએ નાટક કર્યું ને.. અંતે એણે મૂર્તિ શોધી કાઢી. શૌક્ય ખુશ થઇ ગઇ પણ પોતે જ સંતાડીને જે માયા કરી શોધવાનું નાટક કર્યું એનું પરિણામ એ આવ્યું કે બાર કલાક સંતાડેલી મૂર્તિ અને માયાના પાપે એને બાર વરસ કલંક સાથે પતિનો વિયોગ થયો.

કલાકની સજા વરસોમાં મળે છે. **પળના પાપની સજા પલ્યોપમમાં મળી શકે છે.** સાવધાન પાપ કરતાં ૧૦૦ વાર વિચાર કરજો. પણ માયાનો તો વિચાર જ ન કરતા. કેમકે તત્ત્વાર્થસૂત્રમાં લખ્યું છે કે, **माया तैर्यग्योनस्य।** માયા જનાવરના જન્મ આપી દે છે. તિર્યંચગતિમાં જીવને પટકી દે છે. અને જાનવરના ભવમાં જિનેશ્વર ક્યાં મળે? અનંતકાલીન સજા માયા આત્માને આપી શકે છે. માટે જ તો ખૂબ કડક અધ્યાત્મસારમાં લખ્યું.

**असतीनां यथा शील-मशीलस्यैत वृद्धये ।**

**दम्भेनाव्रततवृद्दधयर्थ, वव्रं वेषभृतां तथा ।।**

તપ-જપ અને વ્રત જો દંભ સાથે, માયા સાથે થતા હોય તો એ ગુણવૃદ્ધિ કે પુણ્યવૃદ્ધિ નહીં પણ માયા સાથે થતો ધર્મ પાપવૃદ્ધિનું કારણ બને છે. પરંપરાએ સંસારવૃદ્ધિનું નિમિત્ત બને છે માટે જ માયા-પ્રપંચનો ત્યાગ કોઇપણ રીતે કરવો જરૂરી છે.

**માયા એ તો લોખંડની નાવ છે. જે ડૂબે છે ને ડૂબાડે છે.** યોગગ્રંથ તો લખે છે-માયા કરનારો પોતે જ ફસાય છે, ઠગનારો પોતે જ ઠગાય છે. વલસાડ જિલ્લાની સત્ય ઘટના થોડાક ફેરફાર સાથે. ભાઇઓએ ભેગા થઇ મોકાની જગ્યા પોતાના નામે કરી લીધી ને ભોળાભાઇને 'તને વધારે જમીન આપીએ છીએ એમ કહી છેવાડની જમીન નામે કરી આપી. પણ 'ભોળાના ભગવાન હોય' અને બન્યું એવું કે પાંચ વરસે ટાઉન પ્લાનિંગમાં એ જમીન રોડ ટચને હાર્ટ ઓફ ધ ટાઉન થઇ ગઇ ને રૂપિયાની જમીન સોનામહોરની થઇ ગઇ. એકરોમાં આપેલી જમીન આજે મીટરોને ફૂટના ભાવે વેચાય છે. હવે એ બધા પસ્તાય છે. પણ હવે તો ભાઇના'ય દિકરા મોટા થઇ ગયા. હવે પડેલા ભાગમાં કંઇ ન બદલાય. જરીક વિચારો.. માયા કરીને મેળવ્યું શું! આના કરતા જો ભાગ સરખા કર્યા હોત તો આજે બધા જ ફાવી ગયા હોત. પણ માયા આ ક્યાં સમજવા દે છે.

વલસાડ જિલ્લાની આ ઘટના જો થોડોકે'ય બોધ આપી જાય તો માણસ માયા કરવાનું છોડે, પણ કઠીન છે. માયાની મેળવેલી મિલ્કત હરકત આપે જ છે. આટલું સમજવું જરૂરી છે. મિલ્કતની વાત છોડો. માયા સાથે કરેલું કંઇ પણ કાર્ય અકાર્ય જ છે. અને અકાર્ય આફતનું એંધાણ છે.

**અષાઢાભૂતિ મુનિની કથા**

જૈન કથા ગ્રંથોમાં વિસ્તારથી વર્ણવેલી છે. ટૂંકાણમાં એટલી જ કે એ વિદ્યા સિદ્ધ મહાજ્ઞાનીને સમર્થ મહાત્મા હતા. એક દિવસ વહોરવા નીકળ્યા છે. એક મહાલયમાં ગયા. ઘરના વડિલે આવકાર્યા. ઘરની યુવાન કન્યાઓએ મહાત્માને મોદક વહોરાવ્યા મોદકની મીઠી સુગંધે મહાત્માના મનમાં વિચાર આપ્યો. આ મસ્ત મોદકથી આચાર્ય મ.સા.ની ભક્તિ કરું. પણ મીઠી સુગંધે એક બીજો વિચાર વણનોતર્યા મહેમાનની જેમ આવ્યો. પૂ. આચાર્ય ભગવંતને ઉપાધ્યાય મ.સા.નો લાભ મળી જશે તો મારા માટે નહિ રહે. એટલે એમણે એમની અદ્‌ભૂત વિદ્યાસિદ્ધિનો ઉપયોગ કર્યો ને એમણે પોતાની રૂપપરાવર્તિની વિદ્યાનું સ્મરણ કર્યું ને બીજીવાર એ જ ઘરે વ્હોરવા ગયા. બીજા નવા

મહાત્માને જોઇ બંને કન્યાઓએ લાડુની વિનંતિ કરી ને વહોરાવ્યા. વહોરીને ઉપાશ્રયે જતા પહેલા એમના મનમાં બીજા મહાત્માની ભક્તિનો ભાવ જાગ્યો ને એમણે ફરીવાર રૂપપરાવર્તિની વિદ્યાનો પ્રયોગ કર્યો ને આખે આખા બદલાઇ ગયા. કન્યાઓએ નવા મુનિને જોઇ ફરી લાડુ વહોરવા વિનંતી કરી.

પણ આ બાજુ આ કન્યાઓના પિતાએ અષાઢાભૂતિમુનિને વારંવાર રૂપ બદલતા. પોતાની બાલ્કનીમાંથી જોયા. એ તાજુબ થઇ ગયા. એ ચમત્કૃત થઇ ગયા. આ કેવું કોઇપણ જાતના મેકઅપ વગર આ મુનિ પોતાનું રૂપ ક્ષણાર્ધમાં બદલી શકે છે. જો આવો કલાવાન મારી નટમંડળીમાં હોય તો હું.. ક્યાં નો ક્યાં પહોંચી જાઉં ને એ નાટ્યકાર દોડતા નીચે આવ્યા ને લાડુ વહોરાવતી દિકરીઓને કહ્યું આમ શું વહોરાવો છો. મહાત્માને એક-એક નહીં આખો થાળ વહોરાવી દો. ને આખો થાળ એણે વહોરાવી દીધો ને કહ્યું મહાત્મા આવા મોદકો તો અમારે ત્યાં રોજ બને છે આપે રોજ લાભ આપવા પધારવા વિનંતિ છે. અષાઢાભૂતિમુનિએ ગુરૂજનોની ભક્તિ કરીને પોતે'ય મોદક આરોગ્યા પણ ગોચરી આલોવતા ગુરૂને કહ્યું નહિ કે આ મોદક માયાવી રૂપ કરીને રૂપ પરાવર્તન કરીને લાવ્યો છું. માયાને પ્રગટ ન કરી. યાદ રહે **પાપની વધઘટ** અપ્રગટ રહેતું પાપ **વધ.** પ્રગટ થતું પાપ **ઘટ.** આ પાપની વધઘટ સમજીને જે ચાલે તે ક્યારેય Lossમાં નુકસાનીમાં નહિ જાય. બજારની રૂખ પારખનારા વ્યાપારીની જેમ પછી તો રોજ વહોરવા જવાનું ચાલુ થયું. નાટ્યકારે પોતાની કન્યાઓને આખી'ય વાત જણાવી સમજાવીને કહ્યું બેટા! આપણા ધંધા માટે આ સોનાની મુરઘી છે. તમે હાથમાં લઇ લો. અને રોજે રોજ ગુરૂથી છૂપાવી એ ઘરે વહોરવા આવવા લાગ્યા પછી તો અતિ પરિચયથી એક દિવસ અષાઢાભૂતિમુનિ ટ્રેક પરથી ઉતરી ગયા. એક નાનકડી માયાએ સિદ્ધ સાધુને સંન્યાસી ને સંસારી બનાવી દીધા. માટે જ લખ્યું છે સજ્ઝાયમાં **'માયા કારમી રે માયા મ કરો ચતુર સુજાણ.'**

આ **માયાની કારમી કરમ કુંડલી ખૂબ ખતરનાક છે.** એણે તીર્થંકર બનનારા આત્મા જોડે પણ કેવા ખોટા ખેલ ખેલ્યા છે. ઇતિહાસની પ્રસિદ્ધ ઘટના છે. એ ત્યાગી-તપસ્વી સમુદાય હતો. બધા મહાત્માઓ આરાધક હતા. બધા મહાત્મા મુક્તિના અભિલાષી હતા. પણ એક મહાત્માને થયું. હું જલ્દી મોક્ષે પહોંચુ એમણે તપસ્વી સાથી મુનિઓ સાથે પારણાનો દિવસ આવે એટલે કોઇને કોઇ બહાનું કાઢી પારણાને બદલે તપ કરી લે. એમને મનમાં હું બધાથી જલ્દી મોક્ષે જાઉં. સાથી મુનિઓને આનાથી દુઃખ થવા લાગ્યું. પણ આ મુનિ કોઇને કોઇ બહાનું કાઢી પારણું ઠેલે ને વધુ તપ કરી લે. એમણે ખુલ્લું ન કહ્યુ કે મારે જલ્દી મોક્ષે જવું છે, માટે હું તપ કરૂ છું. પણ બહાનું બતાવતા રહ્યા. પરિણામે આ માયા સાથે તપ થયો અને અનંતકાલે એવી ઘટના બની અચ્છેરા રૂપે કે મહાત્મા એમના નિર્મળ અને પરમશુદ્ધ સંયમના પ્રતાપે ને મહાનતપોના પ્રભાવે એ તીર્થંકર બન્યા પણ આ માયા એમને સ્ત્રીનો અવતાર આપી ગઇ.

એટલે જ પૂ. ઉદયરત્નજી એ સજ્ઝાયમાં લખ્યું.. **'તપ કીધો માયા કરીજી, મિત્રશું રાખ્યો રે ભેદજી, મલ્લિ જિનેશ્વર જાણજોજી, તે પામ્યા સ્ત્રી વેદ રે, પ્રાણી મ કરીશ માયા લગાર,** તીર્થંકરને પણ સ્ત્રીરૂપે જનમવું પડ્યું આ માયાના પ્રતાપે અને સ્ત્રીવેદ બંધાય ક્યારે? જીવ જ્યારે મિથ્યાત્વ આવે ત્યારે આવા મહાન તીર્થંકરના આત્મા'ય માયાએ મિથ્યાત્વમાં ડૂબાડી દીધા. આત્મા મિથ્યાત્વી બની જાય. એનાથી વધારે ખરાબ કંઇ જ નથી સંસારમાં.

લખ્યું છે શાસ્ત્રમાં માયાવી મિથ્યાત્વી છે. જ્યાં માયા આવે ત્યાં મિથ્યાત્વ આવી શકે. પૂ. ઉદયરત્નજીની સજ્ઝાય ગોખવા ને રટવા જેવી છે. **'મુખ મીઠો જૂઠો મને જી, કુડ કપટનો રે કોટ, જીભે તો જી જી કરે જી, ચિત્તમાં તાકે ચો રે પ્રાણી..'** માયાવીની ઓળખાણ મઝાના શબ્દોમાં એમણે આપી. મુખનો મીઠો, મનનો જૂઠો હોય. હાજી હાજી કરતો હોય પણ એના મનમાં તો હલાહલ હોય, દ્વેષ હોય, કંઇક જુદૂ જ હોય.. નીતિ વાક્ય છે.. **'મધુ તિષ્ઠતિ જીહ્વાગ્રે, હૃદયે તુ હલાહલં'** એની જીભ પર મધ હોય પણ હૃદયમાં તો ઝેર હોય આ માયાવીના લક્ષણ છે.' ગુજરાતીમાં એક પંક્તિ છે. **'મુખમેં રામ બગલમેં છૂરી, ભગત ભયે તો ભી દાનત બૂરી'** બગલા જેવી જિંદગી જીવનારાના ગળામાં પ્રાયઃ એક દિવસ બદનામીની માળા આવે આવે ને આવે જ. આ માયા અનેક રૂપે આપણી જિંદગીને ઘેરી બેઠી હોય છે, આપણે એમાંથી મુક્ત થવા પ્રયાસ કરીએ.

ટીપ લખાવી ન પડે માટે કહીએ સંયોગ બરાબર નથી. કામ ન કરવું હોય એટલે માથે ઓઢીને સૂઇ જઇએ. હાઇટ ઓછી હોય તો ઉંચી એડીના ચંપલ પહેરીએ. મોઢા ઉપર લગાડાતો પાવડર માયા છે ને હોઠની લીપસ્ટીક પણ માયા છે. નથી એને દેખાડવું ને છે એને છૂપાડવું તે માયા. લેતી ને દેતી, સગાઇને સગપણ, ધંધો ને કારોબાર, કોર્ટ ને કચેરી, વીલ ને કરાર, રાજકારણ ને દહેરાસરમાં થતું ઇલેક્શન સાવધાન રહીએ માયાથી.

સેલ્સમેનશીપનું નામ આપી માયાના પાપથી નહીં છૂટાય એમ કહી છેલ્લે... **'યોગાવંચક પ્રાણીયા ફલ લેતા રીઝે.'** આ યોગાવંચક એટલે સરળ જીવો. જેમના મન-વચન-કાયા નિર્મળને નિર્દંભ હોય તે. સરળતા એ જ માયાને જીતવાનો ઉપાય છે. દશવૈકાલિક સૂત્રમાં લખ્યું... **માયં ચજ્જવ-ભાવેણં** માયા ને સરળતાથી જીતાય. સરળતા માટે ક્યારેક લખશું. અત્યારે તો માયા એ પાપની છાયા છે. એના પડછાયા દુર્ગતિ દાયા છે. બાકી શાસ્ત્રો તો લખે છે. **જેની જોડે તમે માયા કરો છો, પ્રાયઃ તમારે એના ક્યારેક ને ક્યારેક ગુલામ બનવું પડે છે.**

ચાલો માયા કરવી જ હોય તો પ્રભુની માયા કરીએ. અને કરવાનું કારણ વાયા વિરમગામ, શંખેશ્વર એમ વાયા પ્રભુની માયા. સિદ્ધશિલા અને સિદ્ધશિલામાં શાશ્વતસિદ્ધોની છાયા, એ છાયામાં પહોંચાડે છે પ્રભુની માયા.

ચાલો ગાઇએ **હે ત્રિશલાના જાયા માંગુ તારી માયા** અને ત્રિશલાનો અર્થ જ છે ત્રિશલ્યોથી મુક્ત. ત્રણ શલ્યના નામ શાસ્ત્રે લખ્યા છે. **માયાશલ્ય, નિમાણશલ્ય, મિથ્યાત્વશલ્યા.** ચલો નિઃશલ્યના જાયા પ્રભુને પ્રાર્થીએ અમે શલ્ય રહિત વાત્સલ્યના સ્વામિ બનીએ.

**સર્વમંગલ :** માયાની વ્યાખ્યા કરતાં શાસ્ત્રકારોએ લખ્યું કે મા-યા **'મા** એટલે નહિં, **યા** એટલે ગતિ' જેમાં જવું નહિ એનું નામ માયા. **શત્રુંજયના શિખરેથી,** સિદ્ધાચલના માર્ગેથી સીધો ચાલ, મુક્તિએ જવું હોય તો વાંકો નહિ સીધો ચાલજે!

□□□



# યુવા જગત

સંપાદક : હિતેન શામજી છેડા
(દેશલપુર કંઠી-તારદેવ)

## જીવનને પુલકીત કરનારા સંતના વચનામૃત

વીસમી સદીમાં જે મહાન શાસન પ્રભાવક જૈનાચાર્યો થયા તેમાં **પૂ. યોગનિષ્ઠ આચાર્યદેવશ્રી કેશરસૂરીશ્વરજી મ. સાહેબ**નું નામ મોખરે છે. તેઓ મહા વિદ્વાન અને પ્રવચન પ્રભાવક પ્રતિભા હતા. આજથી ૯૬ વર્ષ પહેલાં તેમની કલમ દ્વારા આલેખાયેલ **'નીતિ વિચાર રત્નમાળા'** નામના તેમના વિચાર ગ્રંથમાંથી જીવનને પુલકીત કરનારા કેટલાક સુવાક્યો સુજ્ઞ વાચકો માટે અહીં પ્રસ્તુત કરતાં આનંદ થાય છે.

- રાત્રીનો સમય દિવસ કરતાં વધારે રમણીય અને વિશ્રાંતિદાયક તેમજ દિવ્ય વિચારનો પોષક છે. પુરાતન કાળમાં જે ઋષિ-મહર્ષિ-મહાત્માઓએ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો હતો તે સૂર્યના પ્રચંડ તેજસ્વી પ્રકાશમાં નહિ પરંતુ રાત્રીના શાંતિપ્રદ પ્રદેશમાંથી જ મેળવ્યો હતો.
- બચપણથી વાંચન ઉપર રૂચિ થવી તે બાળશિક્ષણનું ઉમદા ફળ છે. પણ જો વાંચનના શોખની સાથે જ્ઞાન સંપાદન કરવાનો શોખ ઉત્પન્ન થાય, તેમજ ખાસ એક વિષય પર ચિત્તની એકાગ્રતા કરવાની ટેવ પડે અને અવલોકન કરવાની શક્તિ આવે તો તે મનુષ્યને ઘણો ફાયદો થઇ શકે છે.
- કરકસર કરવી, મીતભાષી થવું, નિરંતર ઉદ્યમમાં પ્રવૃત્ત રહેવું, વચન પાળવામાં નિયમિતતા જાળવવી અને ભવિષ્યનો વિચાર કરી અગમચેતી રાખવી એટલા ગુણો હાલના જમાનામાં સુધરેલી પ્રજાઓની નીતિ સંબંધી ભાવનામાં અગ્રસ્થાન ભોગવે છે.
- જે મા-બાપ બાળકને અત્યંત લાડ લડાવી તેને સ્વચ્છંદપણે વર્તવા દે છે, વાંક આવ્યા છતાં પણ કોઇપણ જાતની શિક્ષા કરતા અચકાય છે અથવા જે માંગે તે લાવી આપી તેનું મન ન દુભાય તેની કાળજી રાખે છે તે મા-બાપ પોતાના બાળકના માટે દુઃખી જીવનનો પાયો તૈયાર કરે છે.
- ધીર પ્રકૃતિવાળા પુરુષો જ્યારે માથે આફત આવી પડે છે ત્યારે ખરા મર્દની માફક બહાદુરીથી તેની સાથે બાથ ભીડવા તૈયાર થઇ જાય છે. તેમ કરવાથી તેમનામાં આત્મ અવલંબનનો ગુણ જાગૃત થાય છે. તથા તેમની શ્રમ કરવાની તથા સહન કરવાની શક્તિઓ સજીવન થાય છે.
- સુખ દુઃખનો આધાર મનની સ્થિતિ ઉપર રહેલો છે. બહારના સંયોગોને આપણા મનની રૂચિને અનુકૂળ બનાવવાની કોશિષ કરવા કરતાં આપણા મનને બાહ્ય સ્થિતિને અનુકૂળ બનાવવાનો અભ્યાસ પાડવો એ સુખ પ્રાપ્તિનું રહસ્ય છે.
- ખરા મિત્રને જરૂરના પ્રસંગે પોતાના સ્નેહીના કાન ઉઘાડવામાં જરાપણ સંકોચ માનવો કે પાછીપાની કરવી નહિ. ફક્ત તેની ફજેતી ન થાય અને તે ઉપહાસને પાત્ર ન બને એ ઢબથી કહેવું જોઇએ. શત્રુને માઠું લગાડવાની હિંમત ગમે તે માણસ કરી શકે પણ મિત્રોને માઠું લગાડનારા કોઇ વિરલા જ મળી આવે.
- જેનું મન સ્વાધિન છે તેને ભરવસ્તીમાં પણ એકાંત જ છે. અંધારી ગલીઓમાં તથા ઘોંઘાટવાળા રસ્તાઓમાં ફરવા છતાં પણ ઘણા માણસો પોતાનું નિત્યકર્મ ઝડપથી કરી શકે છે. જે માણસ જનસમૂહની વગમાં રહેવા છતાં પણ સંપૂર્ણ સ્વસ્થતાથી એકાંતની મધુર શાંતિના સુખનો અનુભવ કરી શકે તે જ મોટો માણસ છે.

### આર્થિક રીતે નબળા વૃદ્ધ સાધર્મિકો જોગ

આર્થિક તાણને કારણે તેમજ એકાંકી જીવનના કારણે જમવા વગેરેની તકલીફ હોય તથા વિકલાંગતાને કારણે રસોઇ આદિ ન થઇ શકતી હોય તો આપની નજીકની ભોજનશાળા અથવા અન્ય ઘરગથ્થુ ટિફિન આપના નિવાસસ્થાને મળી રહે એવી સગવડ હોય તો વિના સંકોચે અમને જાણ કરવા વિનંતી છે. આપશ્રીનું નામ તદ્દન ગુપ્ત રહેશે. આપશ્રીને શક્ય સહાય કરવા અમે પ્રયત્નશીલ રહીશું. આપશ્રીનો વિગતવાર પત્ર અમને નીચેના સરનામે પાઠવવા વિનંતી છે. **સુજ્ઞ વાચકોને વિનંતી છે કે આપના ધ્યાનમાં કોઇ ઉપરોક્ત પ્રકારના જરૂરતમંદ સાધર્મિક હોય તો તેની અમને જાણ કરવા વિનંતી છે.**

**શ્રી જયંતભાઇ 'રાહી'**
**શ્રીપાળ ફ્લેટ નં. ૪, છાયા સોસાયટી, ચેમ્બુર નાકા,**
**એસ.ટી. રોડ, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.**
**ફોન : (૦૨૨) ૨૫૨૨૬૯૫૮.**

# ત્રિવેણી સંગમ

**બાળ સાધક**

**શ્રી નવકારનો જાપ** અને **શ્રી લોગસ્સનું ધ્યાન** એ શાસ્ત્રવિહિત છે.

તે જાપ અને ધ્યાનના અચિંત્ય પ્રભાવે ઉભય પ્રકારની દરિદ્રતા ચૂર-ચૂર થઇ જાય છે.

ભાવદરિદ્રતા એટલે કેવળ સ્વ-સુખની કામના. તેનું નિવારણ એટલે સર્વના હિતની કામના. **એ હેતુઓ શ્રી નવકારના વિધિપૂર્વકના જાપની જેમ શ્રી લોગસ્સનું ધ્યાન તેમજ કાયોત્સર્ગ થાય તો ભવોભવની આપણી ભાવ દરિદ્રતા નામશેષ થઇ જાય.** ભાવમાંથી દરિદ્રતા જાય એટલે જીવન એ ભાવ લક્ષ્મીનું ધામ બની જાય. ભાવ લક્ષ્મીનો જ્યાં વાસ હોય, ત્યાં સદા મંગલમય વાતાવરણની સુવાસ હોય. મંગલમય વાતાવરણની સુવાસ વચ્ચે કોઇ આત્માને કોઇપણ વસ્તુનો અભાવ ન ખટકે. કારણ કે એવા આત્માઓના અસ્તિત્વનો આધારસ્થંભ એ માત્ર વસ્તુ નહિ, પરંતુ શ્રી જિનેશ્વર ભગવાનની પરમહિતકર આજ્ઞા અને ભાવના હોય છે.

**જાપથી ભવની છાપ ભૂંસાય છે, ધ્યાનથી પ્રાણશક્તિ શુદ્ધ થાય છે, કાયોત્સર્ગથી આત્મભાવની ગહન અનુભૂતિ સહજ બને છે.**

જાપ ભવના તાપને હરે છે. ધ્યાન દેવાધિદેવની આજ્ઞામાં સ્થિર બનવાની અચિંત્ય શક્તિ જગવે છે. કાયોત્સર્ગ **'શરીર એટલે જ હું'** એવા અનાદિ અવિદ્યાજનિત મોહને ધીમે ધીમે દૂર કરે છે.

જાપ, એ **અભ્યંતર તપ**નો ચોથો પ્રકાર છે, **ધ્યાન** પાંચમો અને **કાયોત્સર્ગ** છઠ્ઠો **સર્વશ્રેષ્ઠ** પ્રકાર છે.

**શ્રી નવકારનો જાપ** એટલે શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોનું ભક્તિભાવભીના હૃદયે સ્મરણ. **શ્રી લોગસ્સનું ધ્યાન** એટલે શ્રી તીર્થંકર ભગવંતોના સર્વોચ્ચ આત્મભાવમાં સ્વભાવનું વિલીનીકરણ. **કાયોત્સર્ગ એટલે** આત્માથી, પરમાત્માના યોગને લાયક બનવાની ઉત્કૃષ્ટ ક્રિયા.

- **જાપ એટલે કેવળ સ્વાર્થનો સ્પષ્ટ ઈન્કાર.**
- **ધ્યાન એટલે પરમાર્થમાં રમણતા.**
- **કાયોત્સર્ગ એટલે આત્માના પરમભાવને આગળ સ્થાપવાની સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક ક્રિયા.**

જાપ, આત્માની માંગ (Demand) ને તાજી કરાવે છે. તે માંગ એટલે પરમ પદ. તે માંગને પૂરી કરવાની શક્તિનું કેન્દ્રીકરણ ધ્યાન દ્વારા થાય છે.

અને કાયોત્સર્ગ **'ભવ વિષયક કોઇ મમતા સાથે મારે સંબંધ નથી,'** તેનું આરાધકને સચોટ ભાન કરાવે છે.

જાપના તાપમાંથી ધ્યાનની ધવલ પ્રભા પ્રગટે છે. તે પ્રભાનો અંચળો ઓઢીને બેસવાની લોકોત્તર ક્રિયા સરખી કાયોત્સર્ગની ક્રિયા છે.

**જાપ, ધ્યાન** અને **કાયોત્સર્ગ**ના ત્રિવેણી સંગમમાં **ભાવસ્નાન** કરવાનો **ભાવ**
આપણા અંતઃકરણમાં જાગો.

**આત્મા ઉપરના દર્શન, જ્ઞાન અને ચારિત્ર વિષયક માલિન્યને**
**નિર્મૂળ કરવામાં જાપ, ધ્યાન અને કાયોત્સર્ગની શક્તિ**
**ખરેખર અમાપ વર્તાય છે.**

શુભેચ્છક
**શ્રી નમિનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ**
વિજયવલ્લભ ચોક, પાયધુની, મુંબઇ-૪૦૦ ૦૦૩. ફોન : ૨૩૪૩ ૨૭૫૫



# શ્રી પંચ પરમેષ્ઠીને શરણે

પૂ. આચાર્યદેવશ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી મહારાજ સાહેબ

દુઃખો, આપત્તિઓ, અગવડો વગેરેમાં જ્યારે જીવાત્મા મુંઝાય છે ત્યારે તે દુઃખોથી, આપત્તિઓથી અને અગવડ વગેરેથી બચવા કોઇને કોઇ વ્યક્તિનું શરણ સ્વીકારે છે-શરણભાવ સ્વીકારે છે.

પરમ મહર્ષિઓએ દુઃખ-સંકલેશ-અસમાધિના ટાણે શ્રી પંચ પરમેષ્ઠીઓના શરણભાવને સ્વીકારવાનું કહ્યું છે. **અતિ અસમાધિમાં-સખત સંકલેશમાં અને દારુણ દુઃખોમાંથી જ્યારે આપણે પસાર થતા હોઇએ ત્યારે વારંવાર તે પરમ પૂજનીય પરમેષ્ઠીઓને શરણે જવાનું સૂચવ્યું છે.** ત્યારે, **'શરણે જવું'** એટલે શું? તે પ્રશ્ન શરણે જનારને મુંઝવી જાય છે. તે પ્રશ્નનો ઉકેલ લાવવા તે વિચારે છે-ચિંતન કરે છે-અને તેની એ સમજ દઢ થાય છે કે શ્રી પંચ પરમેષ્ઠીનું શરણ સ્વીકારવું એટલે એમનો જાપ કરવો - એમનું ધ્યાન ધરવું.

શરણભાવ અંગેની આટલી જ સમજ પર્યાપ્ત નથી.

શરણભાવને સ્વીકારવો એટલે આપણું સમર્પણ કરવું.

એ શરણભાવ ત્યારે સ્વીકારાય જ્યારે આપણું સમર્પણ કરાય.

નમઃ પદ દ્વારા આપણે શ્રી પંચ પરમેષ્ઠીઓને આપણું સમર્પણ કરીએ છીએ.

**આપણું સમર્પણ એટલે આપણા દેહનું, આપણી વાણીનું અને આપણા મનનું સમર્પણ.** દેહ, વાણી અને મનનું સમર્પણ કર્યું એટલે આપણે દેહ, વાણી અને મન પરથી આપણો અધિકાર ઉઠાવી લીધો, આપણી માલિકી ઉઠાવી લીધી. અર્થાત્ આપણા દેહ, વાણી અને મન પર પરમેષ્ઠીઓનો અધિકાર સ્થાપિત થયો, એમની માલિકી નિર્ણીત થઇ. હવે એ દેહ, વાણી અને મનનો ઉપયોગ આપણા કાર્યો માટે કરી શકાય ખરો? આપણાં કાર્યો એટલે એમને અભિમત નથી એવાં કાર્યો.

એમને-પંચ પરમેષ્ઠીઓને અભિમત નથી એવાં કાર્યોમાં **દેહ, વાણી** અને **મન**નો ઉપયોગ કરવાનો આપણો અધિકાર નથી, છતાં કરીએ તો આપણે ત્રિભુવનની શ્રેષ્ઠ વિભૂતિઓના અપરાધી ઠરીએ છીએ.

- **શ્રી પંચ પરમેષ્ઠીઓને પ્રિય હોય તે કાર્યોમાં જ આપણા દેહની પ્રવૃત્તિ.**
- **શ્રી પંચ પરમેષ્ઠીઓને અનુમત હોય તે માર્ગે જ આપણી વાણીનું પ્રવર્તન.**
- **શ્રી પંચ પરમેષ્ઠીઓને માન્ય હોય તે સ્થળોએ જ આપણા મનનું સ્થાપન.**

ત્યારે દેહની પ્રવૃત્તિ કરતાં આ પ્રવૃત્તિ શ્રી પંચ પરમેષ્ઠીઓને અભિમત છે કે નહિ? એ વિચારવું આપણું કર્તવ્ય બની જાય છે. વાણીને ઉચ્ચારતાં 'આ ઉચ્ચારણ શ્રી પંચ પરમેષ્ઠીઓને માન્ય છે કે નહિ?' આ ખ્યાલ રાખવો અનિવાર્ય બને છે. મનથી વિચારતાં 'આ વિચાર શ્રી પંચ પરમેષ્ઠીઓને પ્રિય છે કે નહિ?' આ સાવચેતી રાખવી આવશ્યક બને છે.

**સમર્પણ માટેની આટલી વ્યાપક સમજ આવ્યા પછી એ દિશામાં આપણો પુરુષાર્થ પાણીદાર બનશે. પછી દુઃખો, આપત્તિઓ, અગવડો વગેરેમાં તે જરાય નહિ મુંઝાય. દુઃખો, આપત્તિઓ એની પાસે જતાં જ વિચાર કરશે ને!**



મુદ્રક અને પ્રકાશક : બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર, ૩૦૧, શેશ હાઉસ, ત્રીજે માળે, ૭૫, સેકન્ડ લેન, હિન્દુ કોલોની, ભગિની સમાજ સામે, દાદર (પૂર્વ), મુંબઇ-૪૦૦ ૦૧૪. ફોન : (૦૨૨) ૬૫૨૫૭૮૩૯/૩૨૧૬૪૨૪૩
મુદ્રણસ્થાન : રાજુલ આર્ટસ્, ઘાટકોપર (ઇ), મુંબઇ-૪૦૦૦૭૭. ફોનઃ ૯૭૬૯૭૯૧૯૯૦. E-mail: rajul.arts@yahoo.com